અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૫ નવેમ્બર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, આસો વદ આઠમ | અંક : ૧૦૧ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886


### વડાપ્રધાન પ્રચંડ નેપાળમાં ભૂકંપ પ્રભાવિત વિસ્તાર માટે રવાના થયા

# નેપાળમાં વિનાશક ભૂકંપ, ૧૨૮ના મોત, કાટમાળ નીચે કચડાઇ જિંદગી

## નેપાળના ભૂકંપના આંચકા દિલ્હી, નોઇડા, ગાઝિયાબાદ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને બિહારની રાજધાની પટનામાં પણ અનુભવાયા હતા

| નવી દિલ્હી, તા.૪ |

નેપાળના જાજરકોટ ભૂકંપમાં નલગઢ નગરપાલિકાના ડેપ્યુટી મેયર સરિતા સિંહ સહિત ૧૨૮થી વધુ લોકોના મોત થયા છે. નેપાળ પોલીસના જણાવ્યા અનુસાર ભૂકંપના કારણે જૂના મકાનોને નુકસાન થયું છે. નેપાળમાં શુક્રવારે રાત્રે ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હોવાની પુષ્ટિ કરવામાં આવી હતી. રાષ્ટ્રીય ભૂકંપ માપન કેન્દ્રના વડા લોકવિજય અધિકારીએ જણાવ્યું હતું કે ભૂકંપ રાત્રે ૧૧:૪૭ વાગ્યે આવ્યો હતો, જેનું કેન્દ્ર પશ્ચિમ નેપાળમાં જાજરકોટ હતું. નેપાળમાં ભૂકંપના કારણે મૃતકોની સંખ્યા વધીને ૧૨૮ થઈ ગઈ છે. ઘાયલોની સંખ્યામાં વધારો થવાની આશંકા છે. મોડી રાત્રે અહીં ભૂકંપ આવ્યો હતો. નેપાળના ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં તાત્કાલિક બચાવ, શોધ અને રાહત માટે, વડા પ્રધાન પુષ્પ કમલ દહલ પ્રચંડ નેપાળની સેનાની ૧૬ તબીબી ટીમો અને જરૂરી સામગ્રી સાથે અસરગ્રસ્ત વિસ્તારમાં જવા રવાના થયા છે. વર્તમાન અપડેટ મુજબ, નેપાળમાં શુક્રવારે



(૩ નવેમ્બર ૨૦૨૩) રાત્રે ૧૧:૫૪ વાગ્યે આવેલા ૬.૪ તીવ્રતાના ભૂકંપમાં ૧૨૮૨થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ ભૂકંપમાં ૧૦૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. નેપાળ સરકારના જણાવ્યા અનુસાર રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. સરકારના પ્રવક્તા અનુસાર, વડાપ્રધાન પુષ્પ કમલ દહલ શનિવારે (૪ નવેમ્બર ૨૦૨૩) પ્રચંડ પ્રભાવિત વિસ્તારોની મુલાકાત લેશે. નેપાળમાં શુક્રવારે રાત્રે ૧૧.૩૨ કલાકે ૬.૪ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. અધિકારીઓનું કહેવું છે કે મૃત્યુઆંક વધી શકે છે. ઈન્ડિયા ટુડે અનુસાર નેપાળમાં આવેલા ભૂકંપમાં ૧૪૦ લોકો ઘાયલ થયા છે. નેપાળના વડાપ્રધાન પુષ્પ કમલ દહલે ભૂકંપના કારણે થયેલા મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો છે. તેમણે કહ્યું કે રાહત અને બચાવ માટે તમામ ૩ સુરક્ષા એજન્સીઓને તૈનાત કરવામાં આવી છે. નેપાળના ભૂકંપના આંચકા દિલ્હી, નોઈડા, ગાઝિયાબાદ, ઉત્તર પ્રદેશ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, હરિયાણા, પંજાબ અને બિહારની રાજધાની પટનામાં પણ અનુભવાયા હતા. તેનું કેન્દ્ર નેપાળમાં કાઠમંડુથી ૩૩૧ કિલોમીટર ઉત્તરપશ્ચિમમાં ૧૦ કિલોમીટર ભૂગર્ભમાં હતું.

ભારતમાં ભૂકંપના કારણે અત્યાર સુધી કોઈ જાન-માલના નુકસાનના સમાચાર નથી. ગયા મહિને પણ દિલ્હી-દ્રઝઈમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા, જેની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૬.૧ માપવામાં આવી હતી. તો નેપાળમાં ૨૦૧૫માં ૭.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો, જેમાં ૧૨૦૦૦થી વધુ લોકોના મોત થયા હતા. આમાં લગભગ ૫ લાખ ઘરોને નુકસાન થયું હતું. મધ્યપ્રદેશના ભોપાલ, ગ્વાલિયર, જબલપુર, સતના અને રીવામાં પણ ભૂકંપના આંચકા અનુભવાયા હતા. રાજ્યના અગર માલવા અને મોરેના જિલ્લાના કેટલાક ભાગોમાં પણ ધરતીના આંચકા અનુભવાયા હતા. પ્રાથમિક માહિતી મુજબ રાજ્યમાં કોઈ નુકસાનની કોઈ માહિતી નથી. બિહારમાં પટના, અરાહ, દરભંગા, ગયા, વૈશાલી, ખાગરિયા, સિવાન, બેતિયા, બક્સર, બગાહા, નાલંદા, નવાદા સહિત ૧૧ જિલ્લાઓમાં ભૂકંપના તીવ્ર આંચકા અનુભવાયા હતા. ભૂકંપ દરમિયાન લગભગ એક મિનિટ સુધી ધરતી ધ્રૂજતી રહી. આફ્ટરશોક્સ પણ ઘણી વખત અનુભવાયા હતા. સીતામઢી, મધુબની, સુપૌલ અને દરભંગાના કેટલાક વિસ્તારો ઝોન ૫માં આવે છે, જે અત્યંત જોખમી છે. રાજધાની પટના સહિત બિહારનો બાકીનો ભાગ ઝોન ૪માં આવે છે, જ્યાં ભૂકંપનું જોખમ ઓછું છે. હરિયાણાના ગુરુગ્રામ સહિત અનેક વિસ્તારોમાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. લોકો ભૂકંપ પછીની સ્થિતિની તસવીરો સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી રહ્યા છે. આમાં, પંખા અને છતની લાઈટ ધ્રૂજતી જોવા મળે છે.






# ૨૦૦૪-૦૫થી ૧૪-૧૫ના ૧૧ વર્ષમાં રાજકીય પક્ષોની આવકનો ૬૯% હિસ્સો અજાણ્યા સ્ત્રોતનો

| નવી દિલ્હી, તા.૪ |

રાજકીય પક્ષોને મળતા દાનને લઈને ફરી એક વખત ચર્ચા શરુ થઈ ગઈ છે. હકીકતે ઈલેક્ટોરલ બોન્ડ દ્વારા મળતું દાન અજાણ્યા સ્ત્રોતમાં ગણવામાં આવે છે એટલે કે દાન આપનારની જાણકારી જાહેર કરાતી નથી. રીપોર્ટ અનુસાર, કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટને જણાવ્યું છે કે નાણાંકીય વર્ષ ૨૦૦૪-૦૫ થી ૨૦૧૪-૧૫ વચ્ચેના અગિયાર વર્ષ દરમિયાન રાજકીય પક્ષોની આવકનો ૬૯ ટકા હિસ્સો અજાણ્યા સ્ત્રોતથી આવ્યો છે. એસોસિએશન ફોર ડેમોક્રેટિક રિફોર્મ્સ (એડીઆર)ના અહેવાલમાં ૨૦૦૪-૦૫ અને ૨૦૧૪-૧૫ દરમિયાન ચૂંટણી બોન્ડ યોજના રજૂ કરવામાં આવી તે પહેલા રાષ્ટ્રીય અને પ્રાદેશિક પક્ષોના ભંડોળના સ્ત્રોતોનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. સોલિસિટર જનરલે કોર્ટ સમક્ષ આ એડીઆર રિપોર્ટના મુખ્ય મુદ્દાઓની રૂપરેખા આપી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે આ સમયગાળા દરમિયાન રાષ્ટ્રીય પક્ષોને રૂ. ૬,૬૧૨.૪૨ કરોડની આવક અને પ્રાદેશિક પક્ષોને રૂ. ૧૨૨૦.૫૬ કરોડની આવક અજાણ્યા સ્ત્રોતોમાંથી મળી હતી.

આ અહેવાલમાં આવકની વિગતો ૫ક્ષો દ્વારા ચૂંટણી પંચને સોંપવામાં આવેલા દાનની વિગતોના આધારે આ રિપોર્ટમાં અજાણ્યા સ્ત્રોત આઈટી રિટર્નમાં જાહેર કરાયેલ આવક છે, પરંતુ ૨૦,૦૦૦ રૂપિયાથી ઓછા દાન માટે આવકનો સ્ત્રોત જણાવવામાં આવ્યો નથી. આવા સ્વૈચ્છિક યોગદાનના દાતાઓની વિગતો સાર્વજનિક રીતે ઉપલબ્ધ નથી. સોલિસિટર જનરલ તુષાર મહેતાએ અજ્ઞાત સ્ત્રોતો શું છે તે ઉદાહરણ દ્વારા કોર્ટ સમક્ષ વિગતવાર સમજાવ્યું.

## પીએમ અને તેમની પાર્ટીએ ઈડી અને સીબીઆઈનો દુરુપયોગ શરૂ કર્યો

| નવી દિલ્હી, તા.૪ |

કોંગ્રેસ નેતા જયરામ રમેશ, કેસી વેણુગોપાલ અને અભિષેક મનુ સિંઘવીએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર લાગેલા આરોપો પર સરકારની ઝાટકણી કાઢી છે. છત્તીસગઢમાં ચૂંટણી ટાણે મહાદેવ બેટિંગ એપ કેસમાં ઈડીએ છત્તીસગઢના મુખ્યમંત્રી ભૂપેશ બઘેલ પર ગંભીર આરોપો લગાવ્યા હતા. જયરામ રમેશે કહ્યું કે, આગામી ચૂંટણીમાં ભાજપની હાર નિશ્ચિત છે. પીએમ અને તેમની પાર્ટીએ ઈડી અને સીબીઆઈનો દુરુપયોગ શરૂ કરી દીધો છે.










# નશા માટે બિલ વગર સિન્થેટિક દવા વેચતા ભાઈ-બહેનની ધરપકડ

। અમદાવાદ, તા.૪ ।

અમદાવાદ શહેરમાં દર એકાદ બે દિવસે એમડી ડ્રગ્સ, કફ સીરપ, ગાંજો સહિતના નશીલા પ્રદાર્થ મળી આવે છે. જે સીધો ઈશારો કરે છે કે, આવનારો સમય યુવાઓ માટે ખતરનાક છે. રાત રંગીન કરવા માટે યુવાઓ નશામાં ડૂબી જાય છે. નશાના સોદાગરોને રોકવા માટે પોલીસ-ક્રાઈમ બ્રાંચ તેમજ સુરક્ષા એજન્સીઓ એડીચોટીનું જોર લગાવી રહી છે.

પોલીસ નશામાં વપરાતી તમામ ચીજવસ્તુઓ ઉપર અંકુશ લગાવી રહી છે. કફ સીરપ, એમડી ડ્રગ્સ અને ગાંજાને ઝડપી પાડ્યા બાદ હવે સ્પેશિયલ ઓપરેશન ગ્રુપની ટીમે અમરાઈવાડીના મેડીકલ સ્ટોર પરથી નાર્કોટીક્સ દવાઓનો જથ્થો જપ્ત કર્યો છે. ડોક્ટરની ચીઠ્ઠી વગર આ દવાઓ મળતી નથી પરંતુ મેડીકલ સ્ટોરના માલિક રૂપિયાની લાલચમાં નશેડીઓને દવાઓ વેચતા હતા. એસઓજીએ દરોડા પાડ્યા ત્યારે તે દવાનું બિલ પણ મેડીકલ સ્ટોરના સંચાલક પાસે નહોતું. આજનું યુવાધન નશાના રવાડે ચઢ્યું છે. ત્યારે નશાની ચીજવસ્તુઓ ન મળતા વિવિધ પદ્ધતિઓ દ્વારા નશો કરવાની મોડસ ઓપરેન્ડીનો ઉપયોગ કરે છે.

ગુજરાતમાં પ્રતિબંધિત એવાં દારુ અને નાર્કોટીક્સ ન મળતા હવે યુવાધન દવાઓથી નશો કરવા માટેનો રસ્તો અપનાવી લીધો છે. મેડીકલ સ્ટોરમાં આસાનીથી મળી રહેતી કેટલીક સિન્થેટિક દવાઓને યુવાનો નશા માટે ઉપયોગ કરી રહી છે. એસઓજીએ બાતમીના આધારે અમરાઈવાડી વિસ્તારમાં આવેલા ધનલક્ષ્મી મેડીકલ સ્ટોરમાં દરોડા પાડ્યા હતા અને ૭૯ હજારની નાર્કોટીક્સ દવાઓ ઝડપી પાડી હતી. મેડીકલ સ્ટોરના સંચાલકોએ આ દવાઓ બિલથી ખરીદવાની હોય છે અને બાદમાં કોઈ દર્દી ડોક્ટરની ચીઠ્ઠી લઈને આવે તો તેને વેચવાની હોય છે. પરંતુ ધનલક્ષ્મી મેડીકલ સ્ટોરના માલિક સુરજભાન રાજપૂત અને તેની બહેન બીલ વગરની નાર્કોટીક્સની દવાઓ રાખતા અને બાદમાં ગ્રાહકોને આપતા હતા. એસઓજીએ ભાઈ બહેનની ધરપકડ કરીને નશીલી દવાઓ જપ્ત કરી છે. નિષ્ણાતો માની રહ્યા છે કે, આજના સમયમાં હવે યુવાધનો આસાનીથી નશો કરવા માટે ચરસ, ગાંજો, અફીણ કે પછી કોકેઈનનો ઉપયોગ નહીં પરંતુ સિન્થેટિક રીતે બનેલી મેડીકેટેડ દવાઓનો વધુમાં વધુ ઉપયોગ કરી રહ્યા છે.



સ્પેનના વેલેન્સિયામાં પૂર્વીય નગર પાલ્મા ડી ગાંડિયા નજીક જંગલની આગ આગળ વધે છે.

## મહિલા સિક્યુરિટી ગાર્ડ પર દુષ્કર્મ

# અમદાવાદના બોપલમાં લૂંટ વિથ ગેંગ રેપનો બનાવ સામે આવ્યો

### પોલીસના સતત પેટ્રોલિંગ વચ્ચે પણ બેફામ ક્રાઈમના બનાવો બની રહ્યાં છે

। અમદાવાદ, તા.૪ ।

રાજ્યમાં દિવસેને દિવસે ક્રાઈમની ઘટનાઓ વધતી હોય તેવા અવાર નવાર કિસ્સાઓ સામે આવી રહી છે. પોલીસના સતત પેટ્રોલિંગ વચ્ચે પણ બેફામ ક્રાઈમના બનાવો બની રહ્યાં છે. અમદાવાદના બોપલમાં લૂંટ વિથ ગેંગ રેપનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદના બોપલ વિસ્તારમાં નવા બની રહેલા ફ્લેટમાં એક મહિલા પર ચાર નરાધમ શખ્સોએ દુષ્કર્મ આચર્યું હોવાનું સામે આવ્યું છે. અત્રે જણાવીએ કે, જ્યાં ફ્લેટમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે ફરજ બજાવતી મહિલા પર દુષ્કર્મ આચાર્યુની ઘટના પ્રકાશમાં આવતા ચકચાર મચી જવા પામી છે. તેમજ એક લાખ રૂપિયાની લૂંટ ચલાવી મહિલાને બંધક બનાવી ગેંગરેપ ગુજાર્યોના મામલો પોલીસ સુધી પહોચ્યો છે.જે સમગ્ર મામલે અમદાવાદ ગ્રામ્ય પોલીસ અને સાબરકાંઠા એલસીબીએ શકમંદોની અટકાયત કરી છે, તેમજ સમગ્ર મામલે વધુ તપાસ પણ હાથ ધરી છે. નબળી માનસિકવૃત્તિ ધરાવતા શખ્સો ગુના કરતા જરા પણ ખચકાતા ન હોય તે આ ઘટના પરથી જાણવા મળી રહ્યું છે. જો કે, આ સમગ્ર બનાવને લઈ પોલીસે પણ તપાસનો આકરો ધમધમાટ શરૂ કરી દીધો છે.

## મોરબીનો ઝૂલતો પુલ તૂટવાનો કેસ

# મોરબી ઝૂલતો પુલ તૂટવાના કેસમાં વધુ એક આરોપીને કોર્ટે જામીન આપ્યા

### રાજકોટ અને મોરબીમાં પ્રવેશ ન કરવાની શરતે જામીન આપવામાં આવ્યા છે

। મોરબી, તા.૪ ।

મોરબીનો ઝૂલતો પુલ તૂટવાના કેસમાં આરોપી અને ઓરેવા કંપનીના મેનેજર દિનેશ દવેને હાઈકોર્ટે જામીન આપ્યા છે. રાજકોટ અને મોરબીમાં પ્રવેશ ન કરવાની શરતે જામીન આપવામાં આવ્યા છે. ઝુલતા પુલ કેસના કુલ ૬ આરોપીને જામીન મળ્યા છે. મોરબીનો ઝૂલતો પુલ તૂટવાના કેસમાં વધુ એક આરોપીને કોર્ટે જામીન આપ્યા છે. કેસના આરોપી અને ઓરેવા કંપનીના મેનેજર દિનેશ દવેને હાઈકોર્ટે જામીન આપ્યા છે. રાજકોટ અને મોરબીમાં પ્રવેશ ન કરવાની શરતે જામીન આપવામાં આવ્યા છે. ઝુલતા પુલ કેસના કુલ ૬ આરોપીને જામીન મળ્યા છે. ૩ સુરક્ષાકર્મી, ૨ કલાર્ક અને ૧ મેનેજરને હાઈકોર્ટે જામીન મુક્ત કર્યા છે. ઝૂલતો પુલ તૂટવાને કારણે ૧૩૫થી વધુ લોકોના મોત થયા હતા. ઝુલતા પુલ કેસના કુલ ૬ આરોપીને જામીન મળ્યા છે. ૩ સુરક્ષાકર્મી, ૨ કલાર્ક અને ૧ મેનેજરને હાઈકોર્ટે જામીન મુક્ત કર્યા છે. ઝૂલતો પુલ તૂટવાને કારણે ૧૩૫થી વધુ લોકોના મોત થયા હતા.

**અમદાવાદના ન્યૂ રાણીપમાં સગીરના કાર ચલાવવાનો મુદ્દો**

# સગીરનો કાર ચલાવતો વીડિયો બનાવનાર વ્યક્તિને ધમકી અપાઈ


### પોલીસ આ વીડિયો મામલે કોઈ એક્શન લેતી નથી. ઉલટાનું તેઓ મને બીજા કેસમાં ફસાવી દેવાની વાત કરે છે : વીડિયો ઉતારનાર



। અમદાવાદ, તા.૪ ।

આજકાલના માતા-પિતા પોતાના બાળકોને ૧૮ વર્ષ પહેલા કાર અને ટુ વ્હિલર લાયસન્સ વગર પકડાવી દેતા હોવાથી અમુક કિસ્સાઓમાં ગંભીર અકસ્માતની ઘટનાઓ સામે આવતી હોય છે. ત્યારે અમદાવાદના ન્યુ રાણીપમાં એક સગીર કાર ચલાવતો હોવાનો વિવાદ સામે આવ્યો છે. અમદાવાદના ન્યુ રાણીપમાં એક સગીર કાર ચલાવતો હતો. જેનો એક નાગરિક દ્વારા વીડિયો ઉતારવામાં આવ્યો હતો. જે વાયરલ થયા બાદમાં આ અંગેની સગીરના પરિવારને જાણ થતાં તેઓ હવે આ વીડિયો ઉતારના વ્યક્તિને ધમકી આપી રહ્યાં છે. હાલ વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં ખુબ વાઈરલ થઈ રહ્યો છે. બીજી તરફ આ સમગ્ર ઘટનાની જાણ અમદાવાદ પોલીસને થતાં વાયરલ વીડિયો અંગે તપાસ શરૂ કરી છે. વીડિયો બનાવનાર વ્યક્તિએ અકસ્માત ન થાય તે માટે પોલીસને રજૂઆત કરી હતી. પણ વીડિયો બનાવનાર વ્યક્તિનું કહેવુ છે કે પોલીસ વીડિયોને લઈને કોઈ પણ એક્શન લેવા તૈયાર નથી. વીડિયો બનાવનાર વ્યક્તિએ પોલીસ પર આક્ષેપ કરતા કહ્યું કે પોલીસ આ વીડિયો મામલે કોઈ એક્શન લેતી નથી. ઉલટાનું તેઓ મને બીજા કેસમાં ફસાવી દેવાની વાત કરે છે. એક તરફ એક સામાન્ય નાગરિક કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે પોલીસ પાસે મદદ માંગે છે અને બીજી તરફ પોલીસ મદદ કરવાના બદલે અન્ય કેસમાં ફસાવી દેવાની ધમકી આપે છે.ત્યારે હવે આ કેસમાં જોવુ તો એ રહ્યું કે સગીર દ્વારા કાર ચલાવવામાં આવી રહી હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થયો હોવા છતાં પોલીસ કોઈ કાર્યવાહી કરે છે કે કેમ? કારણ કે અત્યારે તો પોલીસની કામગીરી સામે જનતા રોષે ભરાઈ છે અને કડક કાર્યવાહીની માંગ કરી રહી છે.

# ઘર બહાર રમતી ૧ વર્ષની બાળકીને શ્વાને બચકા ભર્યા



। સુરત, તા.૪ ।

સુરતના વરાછા વિસ્તારમાં ઘર બહાર રમતી ૧ વર્ષની બાળકીને શ્વાને બચકા ભરી લીધા હતા. જેથી શ્વાનના હુમલા બાદ બાળકીના રડવાના અવાજથી લોકો દોડી આવતા બાળકીને બચાવી લીધી હતી. જોકે બાળકીના આંખ પર ગંભીર ઈજા થતાં સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી હતી. સિવિલ ખસેડાતા બાળકીના આંખનું ઓપરેશન કરવાની ફરજ છે વરાછા વિસ્તારમાં આવેલા બોમ્બે કોલોનીમાં બગદારામ પ્રજાપતિ પરિવાર સાથે રહે છે. તેની એક વર્ષની બાળકી લક્ષ્મી ઘર બહાર રમી રહી હતી. ત્યારે અચાનક કોઈ રખડતું શ્વાન ઘસી આવ્યું હતું અને ઘર બહાર રમતી બાળકીને શિકાર બનાવવાના ઈરાદે હુમલો કરી આંખ અને હાથના ભાગે ઈજાઓ પહોંચાડી હતી. શ્વાનના એટેક બાદ બાળકીના રડવાના અવાજ સાંભળી લોકો દોડી ગયા હતા. લોકોએ શ્વાનના મોઢામાંથી બાળકીને ઉગારી સારવાર માટે સિવિલ લઈ આવ્યા હતા. જ્યા બાળકીની આંખમાં ગંભીર ઈજા પહોંચી હોવાનું ડોક્ટરોએ જણાવ્યું છે. આજે બાળકીની આંખને બચાવવા માટે ઓપરેશન કરવાની ફરજ પડી છે. સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડેન્ટ ડો.ગણેશ ગોવેકરે જણાવ્યું હતું કે, એક વર્ષની બાળકીનું આંખનું ઓપરેશન કરવામાં આવી રહ્યું છે. બાળકીની આંખ ખૂબ જ ગંભીર હોવાથી ડોક્ટરોએ પણ પડકાર ઝીલ્યો છે. બાળકીની આંખને બચાવી લેવા મહેનત કરી રહ્યાં છે. ઓપરેશન થિયેટર બહાર પિતા પણ બાળકીની આંખ બચી જાય તે આશા રાખી રહ્યા છે. મહત્વની વાત છે કે સુરત શહેરમાં છેલ્લા કેટલાક દિવસથી શ્વાનનો આતંક જોવા મળી રહ્યો છે લ.ખાસ કરીને નાના બાળકો શ્વાનના વધુ શિકાર બની રહ્યા છે. નવી સિવિલ હોસ્પિટલમાં શ્વાનના હુમલાના ભોગ બનેલા લોકો ઈન્જેક્શન મૂકવા માટે પણ આવી રહ્યા છે. સિવિલ હોસ્પિટલની અંદર એક અલગથી ૨૪ કલાક માટે એક વોર્ડ પણ કાર્યરત કરી દેવામાં આવ્યો છે. જ્યારે પ્રશ્ન એવો ઉભો થાય છે કે સુરત મહાનગરપાલિકા રસીકરણ ખસીકરણની વાતો કરતી હોય છે અને બીજી બાજુ શહેરમાં દિન પ્રતિ દિન શ્વાનના હુમલાઓ નાના બાળકો સહિત લોકો પર વધી રહ્યા છે. જ્યારે અગાઉ શ્વાનના હુમલાથી બે બાળકો સહિત ચાર લોકોના મોત પર ની નિપજ્યા છે. ત્યારે હાલ આજે વરાછાની માત્ર એક વર્ષની બાળકી ઉપર શ્વાને હુમલો કરતા બાળકીએ એક આંખ ગુમાવી છે.

## વિશેષ લેખ

### યુ.એન. મહેતા હોસ્પિટલ અને આપણા રાજ્યમાં દેખાતા ડેટા ટ્રેન્ડ મુજબ કોવિડના ૨ વર્ષ પહેલા અને કોવિડ પછીના ૩ વર્ષનો ડેટા જોઇએ

# શું કહે છે ડેટા ટ્રેન્ડ ? સડન કાર્ડિયાક એરેસ્ટ એટલે શું ?

યુ.એન. મહેતા હોસ્પિટલ અને આપણા રાજ્યમાં દેખાતા ડેટા ટ્રેન્ડ મુજબ કોવિડના ૨ વર્ષ પહેલા અને કોવિડ પછીના ૩ વર્ષનો ડેટા જોઈએ તો કોવિડ પહેલા યંગ કાર્ડિયાક એમ.આઈ.(માયોકાર્ડિયાક ઈન્ફાર્કસન) ૪૦ વર્ષ અથવા એની નીચેના વયની વ્યક્તિમાં ૮ થી ૧૧% લોકોમાં જોવા મળતુ હતું. કોવિડ પછીના ૩ વર્ષના ડેટા જોઈએ તો ૯ % થી ૧૨ % સુધીમાં જોવા મળેલ છે.





કોવિડ પછી જે યંગ પેશન્ટની સડન ડેથ થઈ હોઈ, જેને માનવામાં આવે છે કે કાર્ડિયાક ડેથ થઈ હશે, તો એમાંથી ૫.૫% થી ૯.૫% લોકો કોવિડ પોઝીટીવ હોવાની હિસ્ટ્રી છે અને તેમાંથી માત્ર ૧.૨% થી ૫.૫% દર્દીને **severe covid** થયો હોય અને હોસ્પિટલમાં એડમીટ થયા હોય અને ઓકસીજન આપવો પડ્યો એવા માત્ર ૦.૫% થી ૩.૫ % દર્દીઓ જ હતા. આ ડેટા વર્ષ ૨૦૨૦ કોવિડની શરુઆત સુધીથી સપ્ટેમ્બર ૨૦૨૩ મહિના સુધીના ડેટાનું વિસ્તૃત વિગત છે. કોવિડ પછી જે યંગ પેશન્ટની સડન ડેથ થઈ હોઈ, જેને માનવામાં આવે છે કે કાર્ડિયાક ડેથ થઈ હશે, તો એમાંથી ૫.૫% થી ૯.૫% લોકો કોવિડ પોઝીટીવ હોવાની હિસ્ટ્રી છે અને તેમાંથી માત્ર ૧.૨% થી ૫.૫% દર્દીને **severe covid** થયો હોય અને હોસ્પિટલમાં એડમીટ થયા હોય અને ઓકસીજન આપવો પડ્યો એવા માત્ર ૦.૫% થી ૩.૫ % દર્દીઓ જ હતા. આ ડેટા વર્ષ ૨૦૨૦ કોવિડની શરુઆત સુધીથી સપ્ટેમ્બર ૨૦૨૩ મહિના સુધીના ડેટાનું વિસ્તૃત વિગત છે.

**તારણ**

આ ડેટા પરથી એટલું જાણી શકાય કે જે દર્દીઓમાં સીરીયસ કોવિડ ઈન્ફેકેશન થયેલું એમને શરુઆતના વર્ષોમાં થોડુ રીસ્ક વધારે રહ્યું, જે સમય જતા ઓછું થયું છે.

**સડન કાર્ડિયાક એરેસ્ટ એટલે શું ?**

એવી સ્થિતિ જેમાં ત્વરીત હાર્ટનું કામ કોઈ કારણસર બંધ થઈ જાય છે.

**સડન કાર્ડિયાક ડેથ એટલે શું ?**

એવી પરિસ્થિતિ જેમાં હૃદયને લગતી બિમારીથી સડન ડેથ થયું હોય. જે યંગ પેશન્ટમાં આપણે સડન ડેથ જોઈએ છીએ એમાં ૫૨% લોકોમાં સડન કાર્ડિયાક ડેથ હોય છે. બાકીના લોકોમાં એ બીજા કારણોથી સડન ડેથ થતી હોય છે.

**સડન કાર્ડિયાક ડેથના કારણો**

૮૦% કેસમાં સડન કાર્ડીયાક ડેથ કોરોનરી આર્ટરી (ધમની) બ્લોકેજથી થાય છે. ૨૦% કેસમાં સડન કાર્ડીયાક ડેથ કાર્ડીયોમાયોપથી અથવા હાર્ટના રીધમના ઈસ્યુ જેવી જન્મથી હૃદયની બિમારીના કારણે જોવા મળે છે.

**હાર્ટ એટેક / હૃદયનો હુમલો એટલે શું ?**

કોઈ કારણોસર હૃદયને મળતા લોહી તથા ઓક્સીજન હૃદયની જરુરીયાત પ્રમાણે ના મળે અને હૃદયમાં એનાથી જે નુકસાન થાય એને આપણે હૃદયનો હુમલો કહેતા હોઈએ છે. આવા કિસ્સાઓમાં હૃદયની નળીમાં **Complªe** અથવા **partial** બ્લોકેજ હોઈ શકે છે.

**હાર્ટ એટેક / હૃદયના હુમલાના લક્ષણો**

સાંકેતિક લક્ષણો

- છાતી ભારે લાગવી,
- પરસેવો વળી જવો,
- ધબકારા વધી જવા અથવા ધબકારા સંભાળાવવા,
- શ્વાસ લેવામાં તકલીફ થવી,
- ચક્કર આવવા અથવા આંખે અંધારા આવી જવા,
- અશકિત લાગવી વગેરે

**અન્ય લક્ષણો**

- એસીડીટી જેવુ લાગવુ,
- પીઠદર્દ થવુ,
- જડબામાં દુઃખવું,
- હાથ ભારે લાગવા.

હાર્ટ એટેક / હૃદયના હુમલાની સારવાર/ઈલાજ ઉપર્યુક્ત કોઈપણ લક્ષણો જણાય ત્યારે તુરંત નજીકની હોસ્પિટલમાં બતાવવું જોઈએ અને સમયસર તેનો ઈલાજ કરાવો જોઈએ. જેથી સડન ડેથ અથવા હૃદય હુમલાને લગતી લાંબાગાળાની તકલીફથી બચી શકાય.

- દવાથી અથવા સ્ટેન્ટ અથવા બાયપાસથી હાર્ટ એટેક / હૃદયના હુમલાનો ઈલાજ કરવામાં આવે છે

**હાર્ટ એટેક / હૃદયનો હુમલો ના આવે તે માટેની પ્રાથમિક કાળજી**

- સ્ટ્રેસમુક્ત લાઈફસટાઈલ,
- નિયમિત આહાર,
- પુરતી ઊંઘ / આરામ,
- સારો સાત્વીક ખોરાક,
- તાજા, લીલા શાકભાજી તથા ફળ યુક્ત ખોરાક વધારે લેવા જોઈએ ,
- વધુ પડતા ઘી અથવા તેલમાં બનેલી ચીજવસ્તુ, જંકફુડ લેવાનું ટાળવું,
- નિયમીત ચાલવું અને વ્યાયામ કરવો,
- તમાકુ અથવા વ્યસન મુક્ત રહેવું
- ૪૦ વર્ષથી ઉંમર પછી નિયમિત બોડી ચેકઅપ કરાવવું

**ન્યૂઝ બ્રિફ**

## ૨૦ વર્ષ અગાઉ ટ્રક અડફેટથી મોત બાદ હવે વળતર મળ્યું



। મુંબઈ, તા.૪ ।

વીસ વર્ષ પહેલા થયેલા એક માર્ગ અકસ્માતમાં મોટર એક્સિડેટ ટ્રિબ્યુનલે મૃતકો અને ઈજાગ્રસ્તોને વળતર ચૂકવવાનો આદેશ કર્યો છે. વીસ વર્ષ પહેલા વાપી હાઈવે પર મુંબઈથી સુરત આવી રહેલી એક હોન્ડા સિટી કાર તથા સુરતથી મુંબઈ જતાં લાર્સન એન્ડ ટુબ્રો કંપનીની માલિકીની ટ્રક વચ્ચે આ અકસ્માત થયો હતો. જેમાં મૃતક ડાયમન્ડ એક્સપોર્ટરના વારસદારોને તથા ત્રણ ઈજાગ્રસ્તોની ક્લેમની માંગને મોટર એક્સિડેન્ટ ટ્રિબ્યુનલના ઓક્ઝીલરી જજ પ્રણવ દવેએ મંજૂર કરી છે. ટ્રિબ્યુનલે મૃતકના વારસદારોની ૧.૬૫ કરોડ રૂપિયાની માંગને મંજૂર કરતાં નવ ટકા વ્યાજ સહિત ૩.૬૬ કરોડ રૂપિયા તથા ઈજાગ્રસ્તોને કુલ ૫.૮૯ લાખ વળતર ચૂકવવા ટ્રકચાલક, માલિક તથા વીમા કંપનીને હુકમ કર્યો છે. આ અકસ્માતની વિગત જોઈએ તો સુમુલ ડેરી રોડ સ્થિત શાંતિનિકેતન સોસાયટીમાં રહેતા અને ડાયમંડ પ્રોડક્શન અને એક્સપોર્ટ-ઈમ્પોર્ટ પેઢીના ભાગીદાર ૪૧ વર્ષીય રમેશચંદ્ર પટેલ, તેમના પત્ની હંસાબેન તથા કૌશિક પટેલ અને તેમના પત્ની ગીતાબેન સાથે ૧૫-૧૧-૨૦૦૨ના રોજ ધર્મેશ પટેલની માલિકીની હોન્ડા સિટી કારમાં મુંબઈથી સુરત તરફ આવી રહ્યા હતા. તેમની કાર કૌશિક પટેલ ચલાવી રહ્યા હતા. આ દરમિયાન સુરતથી મુંબઈ તરફ એક ટ્રક આવી રહી હતી. જે જામનગર જિલ્લાના મોટી ખાવડી-સિક્કા સ્થિત લાર્સન એન્ડ ટુબ્રો પ્રાઈવેટ લિમિટેડ કંપનીની માલિકીની હતી. ટ્રકના ચાલકે બેદરકારીથી ટ્રક ચલાવીને હોન્ડા સિટી કારને અડફેટે લીધી હતી અને ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ ગમખ્વાર અકસ્માતમાં ડાયમંડ પેઢીના સંચાલક રમેશચંદ્ર પટેલને ગંભીર ઈજાઓ થઈ હતી અને તેમનું મોત નીપજ્યું હતું.

# તલોદ અને સુરેન્દ્રનગરમાં ૨-૨ અને મોડાસામાં એક વ્યક્તિએ ગુમાવી જિંદગી

### છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા



। અમદાવાદ, તા.૪ ।

રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતના કિસ્સા ચિંતા વધારી છે. નાની વયે હાર્ટ અટેકના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોના બાદ નાની વયે આવતા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતની સિલસિલો થંભવાનું નામ લેતો નથી. રાજ્ય દરરોજ સરેરાશ એકથી ત્રણ હાર્ટ અટેકના કિસ્સા બની રહ્યાં છે. છેલ્લા ૩૬ કલાકમાં ભાવનગર, ધોરાજી, સુરેન્દ્રનગર, અમરેલી, મોડાસા, વડોદરામાં હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યાના અહેવાલ છે. અરવલ્લીના મોડાસામાં ૫૫ વર્ષીય નરેશ મહેતાનું હાર્ટ અટેકથી મોત થયું છે. તેઓ પોસ્ટ ઓફિસનું રીકરીંગ અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરતા હતા. છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા અને હાર્ટ અટેકથી મોત થયાનું કારણ રજૂ કર્યું હતું તો બીજી તરફ સુરેન્દ્રનગરમાં છેલ્લા ૩૬ કલાકમાં હાર્ટ અટેકના કારણે ૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરેન્દ્રનગરના લખતર તાલુકમાં હાર્ટ એટેકથી છેલ્લા ૩૬ કલાકમાં બીજા યુવકનુ મોત નિપજ્યું છે.

લખતરના લીલાપુર ગામે રહેતા ૪૩ વર્ષના યુવક આલાભાઈ સભાડનુ હાર્ટએટેકથી મોત નિપજ્યું છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. સુરેન્દ્રનગરના લખતર શહેરના મફતિયાપરા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના યુવક સુરેશભાઈ ઘુઘલિયાનું પણ ગઈ કાલે હાર્ટએટેકથી મોડી રાત્રે મોત થયું હતું. તેમને અચાનક રાત્રે છાતીમાં દુખાવો થતાં સારવાર અર્થે લખતર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જો કે દુર્ભાગ્યવશ તેની જિંદગી ન બચાવી શકાય અને ડોક્ટરએ યુવકને મૃત જાહેર કર્યો.નાની ઉમરે યુવકનુ હાર્ટએટેકથી મોત નીપજતાં પત્ની, ત્રણ સંતાનો સહિત પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. સાબરકાંઠાના તલોદમાં પણ હાર્ટ અટેકે ૨ લોકોના જીવ લીધા તો ભાવનગરના અલંગ શિપ બ્રેકીંગ યાર્ડમાં કામ કરતા શ્રમિકનું હાર્ટ એટેકથી મોત થયું છે. અલંગ શિપ યાર્ડના પ્લોટ ૧૨૮માં કામ કરી રહેલા બિહારી યુવાનને હાર્ટ અટેક આવતા તેઓ ઢળી પડયા હતા. તબીબે હાર્ટ અટેકથી મોત થયાનું તારણ આપ્યું હતું.

બિહારથી મજૂરી કામ માટે ભાવનગર આવેલા આ યુવક સંજયસિંહ રામનિવાસસિંહ ભાવનગર શિપ બ્રેકિંગ યાર્ડમાં શિપ તોડવાનું કામ કરતા હતા. તેઓ જ્યારે યાર્ડમાં આ કામ કરતા હતા ત્યારે અચાનક ઢળી પડ્યાં અને મોતને ભેટયા હતા. ઘટના બાદ તાબડતોબ તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. અહીં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમા હાર્ટ અટેકથી મોત થયાનું તારણ સામે આવ્યું છે.

### હાર્દિક પંડ્યા તેના પગની ઘૂંટીની ઈજામાંથી સાજા થવામાં નિષ્ફળ

# ઓલરાઉન્ડર હાર્દિક પંડયાની બાકી ટુર્નામિન્ટમાં નહીં રમી શકે

### ટૂર્નામેન્ટની ઇવેન્ટ ટેકનિકલ કમિટિ દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ, ભારતની ટીમમાં તેનું સ્થાન પ્રસિધ ક્રિષ્ના દ્વારા લેવામાં આવશે

। નવી દિલ્હી, તા.૪ ।

ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ માં ભારતની અજેય શરૂઆત થઈ હતી. સતત ૮ મેચો ભારત જીતી ચૂક્યું છે. પણ હવે આ સમાચાર સાથે જોરદાર ફટકો પડ્યો છે. સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા તેના પગની ઘૂંટીની ઈજામાંથી સાજા થવામાં નિષ્ફળ ગયો છે અને બાકી ટુર્નામેન્ટમાં નહીં રમી શકે. ગયા મહિને પુણેમાં બાંગ્લાદેશ સામેની ભારતની વર્લ્ડ કપ મેચ દરમિયાન બોલિંગ કરતી વખતે પંડ્યાને તેના ડાબા પગની ઘૂંટીમાં ઈજા થઈ હતી અને હવે એ વાતની પુષ્ટિ થઈ છે કે ૩૦ વર્ષીય ખેલાડી બાકીના અભિયાનમાં સમયસર સ્વસ્થ થઈ શકે એમ નથી જેના કારણે ભારત એક જોરદાર ઓલરાઉન્ડર ટીમમાંથી ગુમાવશે. હાર્દિક પંડયાની ખોટ ભારતને જરૂરથી પડશે પણ જોવાનું એ રહેશે કે તેની કમી ટીમ કેવી રીતે પૂરી કરે છે. શનિવારે ટૂર્નામેન્ટની



ઈવેન્ટ ટેકનિકલ કમિટિ દ્વારા મંજૂર કરવામાં આવ્યા બાદ, ભારતની ટીમમાં તેનું સ્થાન પ્રસિધ ક્રિષ્ના દ્વારા લેવામાં આવશે. જો કે હાર્દિક જેવો ઓલરાઉન્ડર ભારતમાં કોઈ નથી માટે તેની જગ્યા પ્રસિધ જેવા ફાસ્ટ બોલરથી પૂરી કરવામાં આવી છે. ભારત માટે તેના નામે ૧૯ મેચમાં આંતરરાષ્ટ્રીય સ્તરે વાઈટ બોલ ક્રિકેટમાં રમતો જોવા મળ્યો હતો જ્યારે તેણે વર્લ્ડ કપ પહેલા ઓસ્ટ્રેલિયા સામેની મેચમાં તક મળતા નવ ઓવરમાં ૪૫ રન આપીને ડેવિડ વોર્નરની કિંમતી વિકેટ લીધી હતી. ભારતનો પેસ અટેક અત્યારે સૌથી સારા ફોર્મમાં છે.

શમી, સિરાજ અને બૂમરાહ જ્યાં સુધી ટીમમાં છે. ત્યાં સુધી બીજા કોઈ ખેલાડીનું ટીમમાં સ્થાન બનતું જ નથી પણ તેમ છતાં ફાસ્ટ બોલરને ટીમમાં હાર્દિકનાં સ્થાને લેવામાં આવ્યો છે. કૃષ્ણાએ ભૂતકાળમાં ૩૩ આંતરરાષ્ટ્રીય વિકેટો ઝડપી છે. તે હવે વર્લ્ડકપ ટીમમાં રાઈટ હેન્ડ ફાસ્ટ બોલર જસપ્રિત બુમરાહ, મોહમ્મદ શમી અને મોહમ્મદ સિરાજ જેવા ખેલાડીઓ સાથે ભારતના પેસ આક્રમણમાં સ્થાન મેળવવા માટે સ્પર્ધા કરશે પરંતુ ભારતને હાર્દિક જેવા ઓલરાઉન્ડર કે જે નીચેના સ્થાને હીટિંગ અને સારું બેટિંગ કરી શકે તેવા ખેલાડીની ખોટ પડશે તે નક્કી છે. ભારત અને દક્ષિણ આફ્રિકા હાલમાં વર્લ્ડ કપ સ્ટેન્ડિંગમાં ટોચના બે સ્થાનો પર કબજો ધરાવે છે અને કોલકાતામાં રવિવારની મેચની વિજેતા ટીમ પ્રથમ સ્થાને ટૂર્નામેન્ટના ગ્રુપ સ્ટેજને પાર કરવા સાથે ટોપ સીટ પર રહેશે.

### તાવીજ કરાવી રાખ્યું લાગે છે

# વાનખેડેમાં ભારતની મેચ જ ન થવી જોઈએ : શોએબ અખ્તર

### પાકિસ્તાનનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તર પણ ટીમ ઈન્ડિયાની આ શાનદાર જીતથી આશ્ચર્યચકિત થઈ ગયો હતો

। નવી દિલ્હી, તા.૪ ।

રોહિત શર્માની કેપ્ટનશિપ હેઠળની ભારતીય ટીમે વર્લ્ડકપ ૨૦૨૩ની સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી છે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં ગુરૂવારે રમાયેલી મેચમાં ભારતે ૩૦૨ રનથી શ્રીલંકાને કારમી હાર આપી હતી. આ મેચમાં મોહમ્મદ શમીની આક્રમક બોલિંગે ક્રિકેટ જગતના દિગ્ગજોથી લઈને ફેન્સ સુધી સૌ કોઈનું ધ્યાન આકર્ષિત કર્યું હતું. કોઈએ કલ્પના પણ નહોતી કરી કે ટીમ ઈન્ડિયા શ્રીલંકા સામેની વર્લ્ડ કપ ૨૦૨૩ની મેચ આટલી જલ્દી સમેટી લેશે. ત્યારે પાકિસ્તાનનો ભૂતપૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તર પણ ટીમ ઈન્ડિયાની આ શાનદાર જીતથી આશ્ચર્યચકિત થઈ ગયો હતો. શોએબ અખ્તર ખાસ કરીને મોહમ્મદ શમીની કાતિલ બોલિંગનો ચાહક બની ગયો હતો. ગુરુવારે મુંબઈના વાનખેડે સ્ટેડિયમ ખાતે શ્રીલંકા સામે રમાયેલી વર્લ્ડ કપની



મેચમાં શાનદાર બોલિંગ કરતા મોહમ્મદ શમીએ ૫ ઓવરમાં માત્ર ૧૮ રન આપીને ૫ વિકેટ ઝડપી હતી. પાકિસ્તાન ક્રિકેટ ટીમના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે ઢીઢ્રીજના ક્રિકેટ પ્રોગ્રામમાં વાતચીત કરતા શમીના ભરપૂર વખાણ કર્યા હતા. રાવલપિંડી એક્સપ્રેસના નામથી જાણીતા પાકિસ્તાનના પૂર્વ ફાસ્ટ બોલર શોએબ અખ્તરે કહ્યું કે, "સૌથી પહેલા તો મને શમી માટે અફસોસ થયો કે તેનું બોલિંગ એનાલિસિસ પાંચ રન પર પાંચ વિકેટ ન થયું. મારી ઈચ્છા હતી કે તે ૫ રન આપીને ૫ વિકેટ લે. યાર તે રાજ (કસુન રજિતા) હતો કોણ, હું તેને છોડીશ નહીં. ચોગ્ગા ફકટારી રહ્યો હતો. બીચારા શમીના બોલિંગ એનાલિસિસને ખરાબ કરી દીધું. શમી માટે એટલું જ કહીશ કે તને સલામ છે ભાઈ. તમે હિન્દુસ્તાન માટે તે કરી બતાવ્યું જેની તમારી પાસેથી ઈચ્છા હતી. હું ભારતીય ટીમ મેનેજમેન્ટને સેલ્યૂટ કરું છે કે તમે શમીને ટીમ ઈન્ડિયાની પ્લેઈંગ ઈલેવનમાં સામેલ કર્યો અને તેને રમવાનો અવસર આપ્યો. શોએબ અખ્તરે કહ્યું, મોહમ્મદ શમીએ ખૂબ જ શાનદાર કમબેક કર્યું છે. શમીએ પોતાના શાનદાર પ્રદર્શનથી પોતાના તમામ આલોચકોને જડબાતોડ જવાબ આપ્યો છે. તેણે આ પ્રદર્શન દ્વારા તેને રિજેક્ટ કરનારાઓને જવાબ આપી દીધો છે. શોએબ અખ્તરે શ્રીલંકાની ખરાબ બોલિંગ પર્ફોમન્સની પણ મજાક કરી હતી. ભારત સામેની વર્લ્ડ કપની મેચમાં શ્રીલંકાની ટીમ ૫૫ રનમાં જ સમેટાઈ ગઈ હતી. શોએબ અખ્તરે શ્રીલંકાની ટીમની મજાક ઉડાવતા કહ્યું, 'યાર, આ તો અમારાથી પણ

### એમ્બ્યુલન્સ પર થયેલા હુમલામાં ૧૫એ ગુમાવી જિંદગી

# યુદ્ધમાં સ્કૂલ ઉપર થયેલી એર સ્ટ્રાઇકમાં ૨૦ લોકોના મોત થયા

### હમાસ દ્વારા ઈઝરાયેલ પરના હુમલા બાદ તેની સેના ગાઝા પટ્ટીમાંથી હમાસને ખતમ કરવા માટે સતત બોમ્બનો વરસાદ કરી રહી છે

। નવી દિલ્હી, તા.૪ ।

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ ચોથા સપ્તાહમાં પ્રવેશી ચૂક્યું છે. આ યુદ્ધના કારણે ગાઝા પટ્ટીમાં અત્યાર સુધીમાં હજારો પેલેસ્ટાઈનના મોત થયા છે. હમાસ દ્વારા ઈઝરાયેલ પરના હુમલા બાદ તેની સેના ગાઝા પટ્ટીમાંથી હમાસને ખતમ કરવા માટે સતત બોમ્બનો વરસાદ કરી રહી છે. લગભગ એક મહિનાથી ચાલી રહેલું યુદ્ધ હજી સમાપ્ત થવાના કોઈ સંકેત દેખાતું નથી. યુદ્ધવિરામ અંગે પણ કોઈ વાત થઈ નથી. મધ્ય પૂર્વમાં ચાલી રહેલા આ યુદ્ધમાં ઈઝરાયેલમાં ૧૪૦૦થી વધુ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦ લોકોનું અપહરણ પણ કરવામાં આવ્યું છે. ઈઝરાયેલ સેનાની જવાબી કાર્યવાહીના કારણે ગાઝામાં મરનાર પેલેસ્ટાઈનની સંખ્યા વધીને ૯૨૦૦થી વધુ થઈ ગઈ છે. આમાં મોટાભાગના બાળકો છે. સમગ્ર વિશ્વમાં યુદ્ધો રોકવા માટે સતત વિનંતીઓ કરવામાં આવે છે. આવી સ્થિતિમાં, ચાલો જાણીએ કે ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં અત્યાર સુધીના ૧૦ સૌથી મોટા અપડેટ્સ શું છે. હિઝબુલ્લાના ચીફ હસન નસરાલ્લાહે ગાઝામાં યુદ્ધવિરામની જાહેરાત કરી છે. આ રીતે હિઝબુલ્લાહ અને ઈઝરાયેલ વચ્ચે યુદ્ધનો ખતરો ટળી ગયો છે. લેબનોનના લોકો યુદ્ધથી ડરતા હતા. નસરાલ્લાહે એક રેલીને સંબોધિત કરતા કહ્યું હતુ કે, ઈરાનની જાણ વગર હમાસ દ્વારા ઈઝરાયેલ પર હુમલો કરવામાં આવ્યો હતો. સીએનએન સાથે વાત કરતા એક વરિષ્ઠ અમેરિકન અધિકારીએ કહ્યું છે કે, અમેરિકાને આશા છે કે હમાસ વિરુદ્ધ યુદ્ધમાં



ઈઝરાયેલ પોતાની રણનીતિ બદલવા જઈ રહ્યું છે. ગાઝા પર બોમ્બ ધડાકા ઘટાડવામાં આવશે અને જમીની હુમલાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. બોમ્બ ધડાકામાં અત્યાર સુધીમાં હજારો લોકોના મોત થયા છે. ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું છે કે, ગાઝા શહેરમાં એમ્બ્યુલન્સ કાફલા પર થયેલા હુમલામાં ઓછામાં ઓછા ૧૫ લોકોના મોત થયા છે. ઈઝરાયેલે પણ હુમલાની પુષ્ટિ કરી છે. પરંતુ તે કહે છે કે એમ્બ્યુલન્સમાં હમાસના લડવૈયાઓ હતા. કાફલામાં પાંચ એમ્બ્યુલન્સ સામેલ હતી, જે રફાહ ક્રોસિંગ તરફ જઈ રહી હતી. વિસ્થાપિત લોકોએ ગાઝાના સફતાવી વિસ્તારની એક શાળામાં આશ્રય લીધો હતો. પરંતુ ઈઝરાયેલના હવાઈ હુમલામાં ત્યાં રહેતા ૨૦ લોકોના મોત થયા છે. આવો જ એક હુમલો દરિયાકાંઠાના વિસ્તારમાં થયો હતો, જ્યાં દક્ષિણ તરફ જઈ રહેલા લોકો પર હવાઈ હુમલો કરવામાં આવ્યો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૪ લોકોએ જીવ ગુમાવ્યા હતા. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુએ હમાસ સાથે અસ્થાયી યુદ્ધવિરામના વિચારને ફગાવી દીધો છે.

તેમનું કહેવું છે કે જ્યાં સુધી ગાઝામાં રાખવામાં આવેલા તમામ બંધકોને મુક્ત કરવામાં નહીં આવે ત્યાં સુધી આવો કોઈ કરાર કરવામાં આવશે નહીં. તેઓ અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકનને પણ મળ્યા હતા. અમેરિકા ગાઝા પટ્ટી પર સતત એરિયલ સર્વેલન્સ ડ્રોન ઉડાવી રહ્યું છે. આવું એટલા માટે કરવામાં આવી રહ્યું છે જેથી હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા લોકોને શોધી શકાય. આમાંના મોટાભાગના ડ્રોન દક્ષિણ ગાઝામાં ઉડાવવામાં આવી રહ્યા છે, જ્યાં બંધકો હાજર હોવાનું કહેવાય છે. પરંતુ હજુ સુધી તેમનો કોઈ સુરાગ મળ્યો નથી. અમેરિકાના વિદેશ મંત્રી એન્ટની બ્લિંકન ઈઝરાયેલના વડાપ્રધાનને મળ્યા હતા. તેમણે કહ્યું છે કે દરેકે એ સુનિશ્ચિત કરવું પડશે કે ૭ ઓક્ટોબર જેવો હુમલો ફરી ન થાય. તેમણે એ પણ ભાર મૂક્યો કે આ સંકટને પ્રદેશના અન્ય વિસ્તારોમાં ફેલાતા અટકાવવું એ દરેકની પ્રાથમિકતા હોવી જોઈએ. પેલેસ્ટાઈન રેડ ક્રેસન્ટ સોસાયટી આંતરરાષ્ટ્રીય સમુદાયને ગાઝા પટ્ટીમાં ઈઝરાયેલી હુમલાઓથી નાગરિકો તેમજ તબીબી ટીમોને હસ્તક્ષેપ કરવા અને રક્ષણ આપવા માટે હાકલ કરી રહી છે. ઈઝરાયેલે અલ-શિફા હોસ્પિટલ પાસે એમ્બ્યુલન્સ કાફલા પર હુમલો કર્યો, જેમાં ૧૫ લોકો માર્યા ગયા. ગાઝામાં હાજર ઈઝરાયેલની સેના ધીમે ધીમે ગાઝા સિટી તરફ આગળ વધી રહી છે, જે અહીંનો સૌથી મોટો વિસ્તાર છે. મોટાભાગના પેલેસ્ટિનિયન ગાઝા શહેરમાં રહે છે. સેટેલાઇટ તસવીરોમાં સેનાને આગળ વધતી જોઈ શકાય છે.

### સેટ થયા પછી એવું શું થયું કે

# કેનેડાથી પરિણીતા બધું છોડીને અઢી મહિનામાં પાછી આવી ગઈ

### પરિણીતાના પતિ ભારતમાં બિઝનેસમેન છે અને તેઓ ભારત અને કેનેડા બન્ને જગ્યા પર બિઝનેસ હેન્ડલ કરવાના હતા

। અમદાવાદ, તા.૪ ।

તમે રૂપિયાવાળા હોવ કે મિડલ ક્લાસ ફેમિલીમાંથી હોવ, પરદેશમાં જવાનો નિર્ણય અને ત્યાં સેટલ થવું જરાય સરળ હોતું નથી. ભારતમાં બિઝનેસ વેલસેટ હોવા છતાં એક પરિવાર પોતાના બે બાળકો સાથે કેનેડા સેટલ થવા માટે ગયો પરંતુ અઢી મહિનામાં જ તેઓ પરત આવી ગયા હતા. હવે તેમની સાથે એવું તો શું થયું કે લોકો વિદેશ જવા માટે તલપાપડ થતા હોય છે અને તેમને તક મળી ગઈ, ઘર, ગાડી બધું સેટ થઈ ગયું છતાં પાછા ભારત આવવાનો નિર્ણય લેવો પડ્યો.

આ અંગે રાધિકા શર્મા (નામ બદલ્યું છે)એ પોતાનો ત્યાં જવાનો, ત્યાં રહેવાનો, ત્યાના કાયદા વગેરે અંગે વાત કરી છે, જેમાં તેમણે કેનેડામાં રહેવાના જે અનુભવો કર્યા તેના સારા અને નરસા બન્ને પાસા પણ ગણાવ્યા છે. તો આવો તમને જણાવીએ કે એક પરિણીતાનો કેનેડામાં રહેવાનો અને ત્યા થયેલા અનુભવો વિશે શું કહેવું છે. તેમને કેનેડામાં કેટલીક બાબતો બહુ જ પસંદ પડી જ્યારે કેટલીક બાબતો તેમને બહુ ખટકતી પણ હતી જેના વિશે પણ તેમણે ખુલીને વાત કરી છે. જેમને કેનેડા જવું છે કે માત્ર ત્યાના કલચર, આબોહવા, કાયદા વગેરે વિશે જાણવું છે તેમને પણ અહીંથી ઘણું જાણવા મળશે. રાધિકાના પતિ ભારતમાં બિઝનેસમેન છે અને



તેઓ ભારત અને કેનેડા બન્ને જગ્યા પર બિઝનેસ હેન્ડલ કરવાના હતા એટલે કે તેઓ થોડો સમય કેનેડામાં અને થોડો સમય ભારતમાં રહેવાના હતા. આવામાં પરિણીતા પોતાના બે બાળકો સાથે કેનેડામાં એકલી રહેતી હતી અને તેણે ત્યાં શું જોયું અને શું અનુભવ્યું તે વિશે વાત કરવાની સાથે તેમણે એક વાત સૌથી મહત્વની એ જણાવી કે તેઓ કેનેડા ગયા તેના પહેલા બેકઅપ પ્લાન બનાવ્યો હતો અને એ જ પ્લાન પ્રમાણે તેઓ અઢી મહિના ત્યાં રહ્યા પછી પરત ભારત આવી ગયા હતા. રાધિકા કહે છે કે કેનેડામાં તમને સૌથી વધુ તમારો પરિવાર, તમારા લોકો, તહેવારો વગેરેની બહુ જ યાદ આવે છે. ભારત અને કેનેડાની સરખામણી કરવાના બદલે તેમણે ત્યાના સારા અને નરસા પાસા વિશે વાત કરીને જણાવ્યું કે અહીંના કાયદા અને નિયમોનું લોકો બરાબર રીતે પાલન કરે છે, આવામાં તમને ખોટી અડચણો નડતી નથી. તેમના માટે કેનેડા જવાનો પ્લસ પોઈન્ટ એ હતો કે તેમના સગા પહેલાથી જ ત્યાં રહેતા હતા, જેથી કરીને શરુઆતના જે કાગળિયા, ડ્રાઈવિંગ લાયન્સ, ભાડાનું ઘર વગેરે માટે મુશ્કેલીઓનો સામનો કરવાનો વારો નહોતો આવ્યો અને વારંવાર ઈન્ટરનેટ પર માહિતીઓ શોધવાની જરુર પડી નહોતી. પરંતુ તેમને સૌથી મુશ્કેલ એ બાબત લાગતી હતી કે અહીં બધું જ તમારે પોતાની જાતે કરવું પડે છે, અહીં ભારત જેવું નથી હોતું કે તમે નાના-નાના કામ માટે કોઈને ફોન કરીને કે અમુક રૂપિયા ચૂકવીને તે કરાવી શકો. કેનેડાની સારી બાબતો વિશે વાત કરીને રાધિકા જણાવે છે કે, અહીં સ્કૂલમાં એડમિશન લેવું, ભાડાનું ઘર લેવું વગેરે બહું અઘરું નથી, જો તમે પ્લાન તૈયાર રાખ્યો હોય તો બધું એકદમ સરળતાથી થઈ જાય છે. તેમણે જણાવ્યું કે અહીંનું ભણતર ભારતની સરખામણીમાં થોડું પાછળ છે એટલે કે તમારું બાળક કે પાંચમા ધોરણમાં ભણી લે છે તે અહીં ૬-૭ ધોરણમાં ભણાવવામાં આવે છે આ સિવાય અહીં ભારતનું બહુ ભારણ બાળકોના માથે આપવામાં આવતું નથી, હોમવર્ક જેવી સિસ્ટમ અહીં બહુ જ ઓછી જોવા મળે છે. કેનેડાના એક અનુભવને શેર કરીને તેમણે કહ્યું કે એક દિવસ તેઓ પોતાના પતિ સાથે ચાલવા નીકળ્યા હતા ત્યારે એક સ્કૂલની બસ ઉભી રહી અને તેણે પાર્કિંગ લાઈટ ચાલું કરી દીધી અને સ્ટોપનું બોર્ડ દર્શાવી દીધું હતું. આ જોઈને તે ચાર રસ્તા પરથી પસાર થતા તમામ વાહનો ઉભા રહી ગયા હતા.

## તંત્રી લેખ...

# દ્વિચક્રી મોતની સવારી

હમણાં આપણે ત્યાં હાર્ટ અટેકથી મૃત્યુ પામનારા લોકોની સંખ્યા પર સમૂહ માધ્યમની કાતિલ નજર છે. ડોક્ટરો કહે છે કે મૃત્યુનાં અનેક કારણો છે. એકમાત્ર હાર્ટ એટેક નથી. પરંતુ મીડિયા આજકાલ હાર્ટ એટેકની પાછળ પડી ગયું છે. ખરેખર એવું નથી. ગુજરાતમાં ક્યારેય ન હતા એટલા હૃદયરોગના કેસ વધવા લાગ્યા છે. આ સ્થિતિ છેલ્લા દસ વર્ષથી છે, પરંતુ હવે એમાં મૃત્યુઆંકનો પણ વધારો જોવા મળે છે. જોકે ગુજરાતમાં સહજ રીતે થતાં મૃત્યુની સંખ્યાની તુલનામાં આકસ્મિક કારણોસર થતાં મૃત્યુની સંખ્યા પહેલેથી જ વધારે છે. એનું કારણ એ છે કે ગુજરાતીઓની જીભ બહુ જ સ્વાદપ્રિય છે. એને જાતજાતના ખોરાક આરોગવા ગમે છે. એનો આ શોખ જ એમના આયુષ્ય માટે જોખમરૂપ પુરવાર થાય છે. સાંજ પડે એટલે ખાણીપીણીને બજારમાં તો કીડિયારું ઉભરાય છે. સૌ જાણે છે કે બહારના ખોરાકની વિશ્વસનીયતા કેટલી હોય છે. ઘરના રસોડાની તુલના કદી પણ બહાર સાથે ન થઈ શકે. પરંતુ પહેલેથી જ બહારથી સુખ શોધવાની લોકોને ટેવ પડી ગઈ છે, એટલે દરરોજ સાંજે તેઓ પોતે માની લીધેલા સુખ નામના પ્રદેશમાં વિહાર કરવા નીકળી જાય છે. કેન્દ્ર સરકારના પરિવહન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલો તાજેતરનો રિપોર્ટ ચિંતાજનક છે કે દેશમાં માર્ગ અકસ્માતમાં ૧૨ ટકાનો વધારો થયો છે. આ અકસ્માતો પાછળનું સૌથી મોટું કારણ વાહનોની ઝડપ હોવાનું કહેવાય છે. જોકે માર્ગ અકસ્માતો અને તેમાં મોટી સંખ્યામાં લોકોના મોત નવી વાત નથી, પરંતુ દર વર્ષે આ આંકડામાં વધારો ચિંતાજનક છે. માર્ગ અકસ્માતને કારણે થતા મૃત્યુના મામલામાં ભારત વિશ્વમાં સૌથી આગળનો દેશ છે. આ રિપોર્ટમાં એવી ગણતરી કરવામાં આવી છે કે દેશમાં દર કલાકે ૯ લોકો માર્ગ અકસ્માતને કારણે મૃત્યુ પામે છે. આ એવરેજ બહુ જ ઊંચી છે, જાણે કે ભારતમાં મોંઘેરા મોતનું ડિસ્કાઉન્ટ સેલ ચાલી રહ્યું છે. વિપત્તિ એક એવી બાબત છે એ જેના પર પડે એને જ ખબર હોય. ઘરના એક સભ્યનું અકારણ અને અર્ધઅવસ્થાએ થતું મોત એમની જિંદગી એવી રીતે અપૂર્ણ રાખે છે કે એની સાથે ઘણા બધાની જિંદગી અધૂરી હોય એવો અનુભવ થવા લાગે છે. જો આપણે ડેટાના કેટલાક અન્ય પાસાઓ પર નજર કરીએ તો, ઈ. સ. ૨૦૨૧ની સરખામણીમાં ૨૦૨૨માં અકસ્માતોના કારણે થયેલા મૃત્યુમાં ૯.૪ ટકાનો વધારો થયો છે અને ઘાયલોની સંખ્યામાં ૧૫ ટકાનો વધારો થયો છે. આમાંના ૪૫ ટકા મૃત્યુ ટુ-વ્હીલર અકસ્માતનું પરિણામ છે. મહત્વનું છે કે, અકસ્માતનો ભોગ બનેલા ૬૭ ટકા લોકો ૧૮ થી ૪૫ વર્ષની વય જૂથના છે. આ માર્ગ અકસ્માતોનું આપણી વસ્તીના મૃત્યુના પ્રમાણની એવરેજમાં સૌથી મોટું પ્રદાન છે. સ્પીડ, રોંગ સાઈડ ડ્રાઈવિંગ, સીટ બેલ્ટ ન પહેરવો અને રસ્તાઓ પરના ખાડા... લાંબા સમયથી અકસ્માતનાં મૂળ કારણો તરીકે દર્શાવવામાં આવ્યાં છે. પરંતુ હવે છેલ્લા કેટલાક સમયથી વાહનોની સ્પીડ અકસ્માતોનું મુખ્ય કારણ બની રહી છે. ટુ-વ્હીલર પરના સવારો બહુ ઝડપથી મોતને ભેટવા લાગ્યા છે એનું એક કારણ એ છે કે તેઓને ઝડપનું કોઈ ભાન રહેતું નથી. તેઓ મનની કલ્પનાને આધીન ચલાવે છે એટલે નજર સામેની હળાહળ વાસ્તવિકતા દેખાતી નથી. અને એકાએક અથડાઈ જાય છે. તમામ નવા હાઈવે અને એક્સપ્રેસ વે પ્રોજેક્ટની સૌથી વધુ પ્રચારિત વિશેષતા એ છે કે એક જગ્યાએથી બીજી જગ્યાએ પહોંચવામાં લાગતો સમય ઘણો ઓછો થઈ જશે. આ સાથે રસ્તાઓ પર વધુ સ્પીડે વાહનો પણ પ્રવેશતા રહે છે. ખાસ કરીને યુવા વાહન ચાલકોમાં સ્પીડનો ક્રેઝ વધી જાય છે. પરંતુ અહીં પણ, સ્પીડને દોષ આપતા પહેલાં, આપણે એ હકીકત પર ધ્યાન આપવાની જરૂર છે કે એવા ઘણા દેશો છે જ્યાં સ્પીડ લિમિટ ભારત કરતા ઘણી વધારે છે.

# રખડતા કૂતરાઓના આતંકથી રહો સાવધાન

ભારતમાં રસ્તાના કૂતરાઓ દ્વારા કરડવાની ઘટનાઓ જોતા એવું લાગે છે કે જાપાનમાં વાંદરાઓની જેમ તેમની સાથે પણ એવું જ બન્યું છે. આખા દેશમાં અચાનક કૂતરાઓ લોકોને કરડવા લાગ્યા છે. લગભગ દરરોજ આપણે દેશના કોઈને કોઈ ભાગમાંથી આ સંબંધમાં સમાચાર સાંભળીએ છીએ. વાઘ બકરી જેવી મોટી કંપનીના માલિક પરાગ દેસાઈ સાથે ગત અઠવાડિયે થયેલો અકસ્માત સીધો રખડતા કૂતરાના કરડવાથી થયો ન હતો, પરંતુ કૂતરાના હુમલાથી બચવાનો પ્રયાસ કરતી વખતે તે પડી ગયા હતા અને ઈજાગ્રસ્ત થયા હતા. પરંતુ એથી સમાજનું ધ્યાન આક્રમક શ્વાનોના આતંક તરફ ગયું છે. દેશમાં દર વર્ષે લગભગ બે કરોડ લોકોને કૂતરા કરડે છે. તેમાંથી દર વર્ષે અઢારથી વીસ હજાર લોકોને હડકવાના વાયરસ થાય છે. હડકવા એ એક ગંભીર રોગ છે જે કૂતરામાંથી માણસોમાં ફેલાય છે. આ બિલાડી અથવા વાંદરાના કરડવાથી પણ થઈ શકે છે. હડકવાના ઘણા કેસો ગામડાઓમાં જોવા મળે છે અને તેના આંકડા ઉપલબ્ધ નથી. વિશ્વમાં હડકવાથી થતા મૃત્યુ પૈકી ૩૬ ટકા એકલા ભારતમાં છે. ભારતમાં રખડતા કૂતરાઓની સંખ્યા ૧.૫ કરોડ છે અને આ વિશ્વમાં સૌથી વધુ છે. હડકવા અને કૂતરા કરડવાના મામલે ભારત વિશ્વની રાજધાની છે. કૂતરા કરડવાની ઘટનાઓ રોજિંદા અખબારો અને સમાચારોનો ભાગ બની ગઈ છે કે લોકો તેમના પ્રત્યે સંવેદનહીન બની ગયા છે. જ્યારે પણ કોઈ ભયંકર ઘટના બને છે ત્યારે જ આપણે ફરી જાગીએ છીએ. ઉદાહરણ તરીકે, રાજસ્થાનની એક હોસ્પિટલમાંથી એક બાળકને કૂતરાઓ ખેંચીને લઈ ગયા હતા અને તેલંગાણામાં ચાર વર્ષના પુત્રને કૂતરાઓએ ફાડી ખાધો હતો. એવું નથી કે રાજ્ય અને કેન્દ્ર સરકારો, ન્યાયતંત્ર, મ્યુનિસિપલ કોર્પોરેશનો અને એનજીઓ આ સમસ્યાની ગંભીરતાને સમજી રહ્યાં નથી, પરંતુ તેમ છતાં તે યથાવત છે. તાજેતરમાં કેરળમાં, એવી સ્થિતિ હતી કે કોઝિકોડની એક પંચાયતે તેના વિસ્તારની તમામ શાળાઓ બંધ કરવી પડી હતી કારણ કે ઘણા બાળકોને રખડતા કૂતરાઓ કરડયા હતા. માનવીઓના ઉત્ક્રાંતિ સાથે કૂતરાઓનો ઊંડો, મૈત્રીપૂર્ણ સંબંધ રહ્યો છે. પરંતુ એ વાત પણ સાચી છે કે શ્વાન વરુમાંથી વિકસ્યા છે અને તેઓ તેમના પ્રદેશ વિશે ખૂબ જ આક્રમક છે. એક તરફ, તેમની આક્રમકતા અને બીજી તરફ, માનવીઓનો તેમની સાથેનો જૂનો મૈત્રીપૂર્ણ સંબંધ - આ બંને મળીને વ્યક્તિ અથવા સરકારને વિચિત્ર નૈતિક મૂંઝવણમાં મૂકે છે. આ દુવિધા આપણા દેશમાં છે. વિશ્વના મોટાભાગના દેશોમાં આ મુદ્દા અંગે સ્પષ્ટતા છે. રખડતા પ્રાણીઓને ત્યાં કોઈ અધિકાર નથી. જો તેઓ નોંધાયેલા હોય તો તેમના માલિકો તેમના માટે જવાબદાર હોય છે અને જો ન હોય તો સરકાર. કાં તો તેઓને શેલ્ટર હોમમાં રાખવા જોઈએ અને જો તેઓ બીમાર હોય અથવા મૃત્યુની નજીક હોય તો જાહેર આરોગ્યને ધ્યાનમાં રાખીને તેમને ઈચ્છામૃત્યુ અથવા ઈચ્છામૃત્યુ આપવામાં આવે છે.

# આર એસ એસ એમેઝોનને ઈસ્ટ ઈન્ડિયા કંપની તરીકે સરખાવે છે, કારણકે એમેઝોનની વ્યાપકતા દેશને ફરીથી ગુલામી તરફ દોરે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હે ઈશ્વર.

વિશ્વ શાંતિના માર્ગે આગળ વધવા માંગી રહ્યું છે, એવા એક સમાચારે થોડી ધરપત આપી, એઆઈ ના મુદ્દે વિશ્વના ૨૮ દેશો સહમત થયાં. તો બીજી બાજુ ઈઝરાઈલ હમાસના યુદ્ધ બાબતે વિદેશ મંત્રી જયશંકરે કહ્યું કે આતંકવાદ અસ્વીકાર્ય છે, પણ પેલેસ્ટાઈનની માંગને સાંભળવી જોઈએ, અથવા તો વાતચીતથી ઉકેલ થતો હોય તો, એ રીતે આ યુદ્ધનો વિકલ્પ શોધી શકાય. આ ઉપરાંત ભ્રષ્ટાચાર પર પણ કામ થતું હોય એવા એક સમાચાર એટલે કે દિલ્હીના મંત્રી આનંદ રાજના ઘરે ઈડીના દરોડા પડ્યાં, એ જ રીતે રાજસ્થાનમાં પણ ઈડી ના દરોડા પડ્યાં. આઈફોનમા હેકિંગ બાબતે એપલ કંપનીને નોટીસ આપવામાં આવી, તો બીજી બાજુ રમતગમત જગતમાં ભારતે શ્રીલંકા સામે ઐતિહાસિક જીત હાંસલ કરી. તો પાકિસ્તાનનું લાહોર વિશ્વમાં સૌથી વધુ પ્રદૂષિત શહેર તરીકે જાહેર થયું. પરંતુ એક સમાચાર એવા છે કે જે જરાક ભારતીય સમાજ માટે ચિંતાજનક છે અને એ છે, ઓક્ટોબર માસમાં બેરોજગારી બે વર્ષની ઉચ્ચ સપાટીએ પહોંચી. એટલે કે ધંધા વેપારમાં પણ મંદી અને એને કારણે નોકરી મેળવનાર યુવાનોની કફોડી સ્થિતિ. આ સમાચાર ખરેખર ચિંતા કરવે તેવા છે, પરંતુ સમાજ દર્શનમાં જોઈએ તો આજકાલ દિવાળીને લઈને લોકોમાં સારું એવું એક્સાઈમેન્ટ છે, અને એ અંગેની ખરીદી પણ ધૂમ મચાવી રહી છે, તો આ વિરોધાભાસ શું કામ સર્જાય છે, એને વિશે આજે આપણે વાત કરીશું. દેખીતી રીતે આ મંદીની અસર સમાજના ધનવાનોને વર્તાતી નથી તેમજ ઉચ્ચક્ષાના નોકરિયાત મધ્યમ વર્ગને ઓછી વર્તાય છે. કારણ કે તેઓને એમ બે પાંચ રૂપિયાથી એટલો ફેર પડતો નથી, એટલે એ લોકો પોતાની જરૂરિયાતોને આસાનીથી સંતોષી શકે છે, અને તહેવાર અંતર્ગત જે કંઈ ખરીદવું હોય તેનું આયોજન કરી અને ખરીદી શકે છે. જ્યારે મધ્યમ વર્ગમાં પણ મધ્યમ શ્રેણી અને શ્રમજીવી લોકોને તહેવારના સમયે રૂપિયાની અછત વર્તાય છે. કારણ કે રોજગારી ઘટી ગઈ હોવાથી, એટલું સારું કામ મળતું નથી, અને આજીવિકા માટે જે કંઈ સાધન સ્વીકાર્યું હોય એમાંથી રોજિંદુ જીવન પણ માંડ નીકળતું હોય છે. અહીં એક વાત ખાસ એ પણ લખવી જરૂરી છે કે આ વર્ગના લોકો આયોજન કરીને જીવતા નથી અને જે આવ્યું હોય એમાંથી કંઈ બચી શકે એમ છે કે નહીં? એ વિચારતા નથી. આ ઉપરાંત આરોગ્ય બાબત પણ થોડું આયોજન જરૂરી છે, અને કોઈએ બચાવ્યા હોય તો એ ઓચિંતાની માંદગી મહેમાન કે વ્યવહાર આવી જતા વપરાય પણ જતા હોય છે. એટલે એકંદરે તહેવાર વખતે એ લોકો એટલા દામ ન હોવાથી દિવાળી જેવો તહેવાર પોતાની ઈચ્છા પ્રમાણે ઉજવી શકતા નથી.

બેરોજગારી સર્વોચ્ચ સપાટીએ હોવાનું એક કારણ એ મળે છે કે, સ્માર્ટ ફોનના આવતા સોશિયલ મીડિયા અતિ પ્રચલિત પ્લેટફોર્મ બન્યું છે, અને ભારત સહિત અન્ય વિદેશી ઓનલાઈન શોપિંગની ભરમાર અહીં શરૂ થઈ છે, અને એ પ્રમાણમાં સસ્તુ તથા ગુણવત્તા ભર્યુ પણ હોય છે. કોઈ કોઈ ફેક કંપની પણ હોય, એટલે ઘણી વાર લોકો છેતરાતા પણ હોય છે. પરંતુ ઘરે બેઠા આપણી વસ્તુઓ આરામથી પ્રાપ્ત થાય, અમુક દિવસનો એક્સચેન્જ તેમજ કેન્સલનો ઓપ્શન મળતો હોય, આ ઉપરાંત કિંમત પણ ઓછી હોય, તો કોઈ શું કામ ન ખરીદે!! બસ આ કોન્સેપ્ટ ધીરે ધીરે હવે વ્યાપક બનતો જાય છે, અને જેને કારણે રોજગારી ઘટી રહી છે. દિવાળી સમયે દુકાનોમાં ગ્રામ્ય પ્રજા અને અન્ય શ્રમજીવી પ્રજાના લોકો દ્વારા જે કંઈ ખરીદી થાય, એટલી આમદની લોકલ માર્કેટના ધંધાદારીઓને મળે છે. શ્રમજીવી તેમજ ગ્રામ્ય જનતા પાસે આમ પણ એટલી બચત હોતી નથી, એટલે સમાજનો નોકરિયાત વર્ગ પાસેથી જે આવક થવી જોઈએ, એ આવક ન થતા ધંધા રોજગાર ઠપ થતા જાય છે. આજકાલ તો આ યુદ્ધને કારણે હીરામાં પણ મંદી આવી ગઈ છે, અને કેટલાય કારખાનોમાં દિવાળીનું વેકેશન ૧૫ દિવસ પહેલા પડી ગયું. કેટલાય હવે નહીં ખુલે એવી જાહેરાત પણ થઈ ગઈ છે, અને એ અંતર્ગત સુરતમાં કેટલાય લોકોએ આત્મહત્યા પણ કરી લીધી, તો આ બધું જોતા એવું લાગે કે ક્યારેક વિકાસ કે સગવડતા એ અન્ય લોકો માટે નુકસાનકારક પણ છે.

આર એસ એસ તો એમેઝોનને ઈસ્ટ ઈન્ડિયા કંપની તરીકે સરખાવે છે અને કહે છે કે એમેઝોનનું વિસ્તરતું વ્યાપક પ્રમાણ આપણને ફરીથી ગુલામી તરફ દોરી રહ્યું છે, આ ઉપરાંત વિદેશી કંપનીઓ એપલ અને બીજી કેટલીય કંપનીઓ માર્કેટમાં પોતાના દેશ કરતાં પણ વધું રૂપિયા આપણી પાસેથી કમાઈ લે છે, અને એટલે એમનાં આર્થિક તંત્ર મજબૂત બને છે. જો કે હવે ઈન્ડિયન ઓનલાઈન શોપિંગ કંપનીઓ પણ શરૂ થઈ છે, પરંતુ એ બધાં હોય કે વિદેશી હોય જો ઓનલાઈન શોપિંગનું પ્રમાણ વધતું જશે, તો આવા શ્રમજીવી વર્ગને રોજગાર ક્યાંથી મળશે?? એ પણ એક બહુ ચિંતાજનક વાત છે, અને આ બધાને કારણે આપણા મધ્યમ વર્ગના લોકો બેરોજગારી તેમજ ગરીબીમાં પીસાય છે. રાષ્ટ્રીય પુરસ્કૃતથી નવાજેલા ખેલાડીઓ તેમજ અન્ય ક્ષેત્રોના અગ્રણી, અભિનેતા તેમજ અભિનેત્રીઓ આવી કંપનીઓનાં બ્રાન્ડ એમ્બેસેડર બની આજીવન કમાણી કરે છે અને આમ ધનવાન વર્ગ વધુને વધુ ધનવાન થતો જાય છે, અને એ જ રીતે ગરીબ વધુને વધુ ગરીબ થતો જાય છે. આવું આપણે એટલે ચિંતન કરી રહ્યા છીએ કે, એ આપણા જ ભાઈ બહેનો છે, અને આપણા સમાજની આવી ઓછી આવક ધરાવતી વ્યક્તિઓ વિશે આપણે નહીં વિચારીએ તો બીજું કોણ વિચારશે? વિકાસ એની રીતે બરોબર છે, પરંતુ સમાજનો સર્વાંગી વિકાસ થાય ત્યારે જ તે આલેખનીય છે, અને ગરીબ અને ધનવાન વચ્ચેની ખાઈ તો દિવસે ને દિવસે વધતી જ જાય છે. એટલે સર્વાંગી વિકાસ તો દેખાતો નથી, અને એ એક જગ જાહેર બાબત છે. રાષ્ટ્રપ્રેમ દેખાડવાના ઘણા બધા રસ્તાઓ છે, બોર્ડર પર યુદ્ધ કરનાર એ તો પોતાના જીવની બાજી લગાવી જ છે! પરંતુ આપણે પણ આપણાથી ઓછી આવક ધરાવતા લોકોના ધંધા રોજગાર ચાલતા રહે, એવું કંઈક પગલું ભરવું જરૂરી છે. એમના ઘરે પણ દિવાળીના દીવડાવો પ્રગટે, એ માટે નાના નાના ફેરિયાઓ તેમજ રોડને કાંઠે બેઠેલા લોકો પાસેથી નાની મોટી વસ્તુઓ ખરીદી, એમને બે પાંચ રૂપિયા મળે એવું કંઈક કરવું જોઈએ. જાણતા હોઈએ કે આ વસ્તુનો આટલો જ ભાવ છે, તે છતાં બે પાંચ રૂપિયા વધુ દઈને પણ એની ખરીદી કરવી, આ ઉપરાંત આપણા ઘરે રોજીંદા ઘરકામ માટે આવનારા પ્રત્યે પણ મમતાનું વલણ રાખવું, અને જુનું તો આપવું જ પણ નવું પણ લઈ દેવું, જેથી કરીને એ લોકો પણ દિવાળીનો ઉત્સવ ઉજવી શકે.

નાના માણસોને કામ મળશે કે આવી લાગણી અને હુંફ મળશે તો એ લોકો છેતરપિંડી, ચોરી, લૂંટ, હિંસા, બલાત્કાર, હત્યા જેવા ગુનાઓમાંથી પણ બહાર આવશે, અને એ રીતે પણ સમાજ સુંદર બનશે. ધનવાન કરે કે ના કરે! પરંતુ મધ્યમ વર્ગના લોકોએ તો એવાં આપણા જ ભાઈ બહેનોની લાગણીને સમજવી જોઈએ, અને આપણાથી જે રીતે થાય, એ રીતે એમની મદદ કરીને એમનું ગુજરાન ચાલે છે કે નહીં એ જોવું જોઈએ! તો આ છે આપણા જ સમાજનું એવું દર્શન કે જેને જાણવા છતાં વિકાસ ને નામે એનાથી આપણે વિમુખ થતાં જઈએ છીએ! દેશને ઉપર ઉઠાવવો હશે, તો આપણે આ બધું જ કરવું પડશે, અને તો જ આપણે ભારતીય હોવાનો દાવો કરી શકીશું. માત્ર ચુંટણીકાર્ડને આધારે ભારતીય કહેવડાવવું, એ એટલું યોગ્ય કે પર્યાપ્ત નથી, આ એ જ સમય છે, કે જે હર ઘડી આપણને નવયુગ નિર્માણ માટે પોકારી રહ્યો છે. જય હિન્દ.

# જ્યાં સુધી મુર્તિમાં ભાગવતભાવ ન જાગે ત્યાં સુધી પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરભાવ જાગશે નહીં



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ઈશ્વરને એવી ઈચ્છા નથી કે કોઈ મારી સેવા કરે. તેને કોઈ વસ્તુની અપેક્ષા નથી. તેની ઈચ્છા એવી નથી કે, વૈષ્ણવો મને ભોગ ધરે. ઈશ્વરને ખાવાની ઈચ્છા નથી, ઈશ્વર નિષ્કામ છે. આ તો ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાનું છે. પ્રેમથી અર્પણ કરશો તો ભગવાન પ્રસન્ન થશે. ભાગવત નિવેદન કર્યા વગર કાંઈ ખાશો નહીં. ઈશ્વરને અર્પણ કર્યા વગર ખાય તે પાપ જમે છે. ઈશ્વરને અર્પણ કરશો તો અનંતગણું બનાવીને ઈશ્વર પાછું આપશે. ભગવાન ફક્ત તમારો ભાવ જુએ છે. ભગવાનને ઘરે ક્યાં ખોટ છે? ભગવાને આપેલું જ તમારે તેને આપવાનું છે. કોઈ વસ્તુને ઉત્પન્ન કરવાની શક્તિ જીવમાં નથી. આ સર્વ શ્રીકૃષ્ણનું છે. તમારી અર્પણ કરવાની રીતથી તમારો ભાવ દેખાઈ આવશે. દીવો કરવાથી સેવકને કે આરતી ઊતારવાથી ભગવાનના ઘરે અજવાળું થવાનું નથી, તેથી પ્રકાશ તમારા હૃદયમાં થશે. ઈશ્વરનું અંગ સ્વયં પ્રકાશમય છે. સેવા કરવાથી સેવકને સુખ થાય છે. તેથી ભગવાનને સુખ મળવાનું હતું? તે તો પરમાનંદ સ્વરૂપ છે. જીવને આપનાર ઈશ્વર છે, પરંતુ મનુષ્ય નિવેદન કરે એટલે ભગવાન ખાય છે. સેવા અને પૂજામાં ભેદ છે, જ્યાં પ્રેમપ્રધાન છે તે સેવા. જ્યાં વેદ મંત્રો પ્રધાન છે તે પૂજા.. પૂજા કરો તો અનન્ય પ્રેમથી પૂજા કરો. સ્નેહ વગરનું સમર્પણ વ્યર્થ જાય છે. સારાં કપડાં બગડવાની બીકે મંદિરમાં મનુષ્ય ભગવાનને સાષ્ટાંગ પ્રણામ કરતો નથી. દુ:ખની વાત છે કે, માણસ કપડાંની ચિંતા કરે છે, અને નરકમાં પડવું પડશે તેની ચિંતા કરતો નથી.યશપાલસિંહ ટી. વાઘેલા શ્રી ઑગડ વિદ્યા મંદિર થરા દક્ષિણમાં એક કથા પ્રચલિત છે. એક ગામમાં એક ગૃહસ્થને ત્યાં લગ્ન હતાં. વિઘ્નનાશ માટે સર્વ પ્રથમ ગણપતિજીની પૂજા કરવાની હોય છે. ગોર મહારાજે પૂજા કરતી વખતે જોયું તો ગુણપતિની મૂર્તિ હતી નહીં, હવે શું થાય? ગોર મહારાજે નૈવેદ્યનો ગોળ હતો, તે ગોળના ગણપતિ। નેવેલના ગોળના તો ગણપતિ બનાવ્યા હતા. હવે નૈવેદ્ય લાવવું ક્યાંથી એટલે ગોર મહારાજે હવે બનાવ્યા ને યજમાનને પૂજા કરવાનું કહ્યું. ધૂપદીપ થયા પછી નૈવેદ્ય અર્પણ કરવાનો સમય આવ્યો. તે ગોળના ગણપતિની મૂર્તિમાંથી થોડો ગોળ કાઢી લઈ તે ગોળનું નૈવેદ્ય ધર્યું. ગોળના ગણ પતિ હું બાવ્યું, કારણ આ કાર્ય પાછળ ભાવના શુદ્ધ હતી. વસ્તુનું મહત્ત્વ નથી પણ ભાવની મહત્તા છે. સેવા સદભાવથી કરો તો સફળ થાય. સેવા કરતાં રોમાંચ થાય, આંખમાં આંસુ આવે,ને સાચી સેવા ક્રિયાત્મક નહીં, ભાવાત્મક હોવી જોઈએ. થોડું કરો પણ પ્રેમપૂર્વક કરો.

રસોઈ કરી ભગવાનને અર્પણ કરતાં કહો, પ્રભુ તમે તો વિશ્વંભર છો, વિશ્વનું ભરણપોષણ કરનાર છો. તમને કોણ જમાડી શકે? તમારું તમને અર્પણ કરું છું. ઈશ્વરનું ઈશ્વરને અર્પણ કરવાનું છે. અરે આ જીવ બીજું લાવે ક્યાંથી? બીજું છે જ ક્યાં? ફક્ત ભાવનાની કિંમત છે. પરમાત્મા પરિપૂર્ણ છે. ઈશ્વરને અપેક્ષા નથી. પરમાત્માને કોઈ વસ્તુની ભૂખ નથી પણ ફક્ત પ્રેમની ભૂખ છે. ભગવાનને ભાવથી અર્પણ કરશો તો તે અનંતગણું કરીને આપે છે. ભક્તિમાર્ગમાં ભાવના વગર સિદ્ધિ મળતી નથી. જ્ઞાનમાર્ગમાં ત્યાગ અને વૈરાગ્યની જરૂર છે.

બાળકને બાપ રૂપિયો આપે છે, ને પછી પાછો માગે છે ત્યારે બાળક તે આપતો નથી. પિતાને દુ:ખ થાય છે કે, મેં રૂપિયો આપ્યો અને મને જ તે આપતો નથી,પણ જો બાળક રૂપિયો આપે તો પિતાને આનંદ થાય છે. રૂપિયો પિતાનો છે તો પણ આનંદ થાય છે.

જીવમાત્રના પિતા ઈશ્વર છે. તેણે જે આપ્યું તે જ તેને આપવાનું છે. એવો નિયમ લેજો કે, ઠાકોરજીને અર્પણ કર્યા વગર હું ખાઈશ નહીં. ઘરમાં કોઈ જમનાર ન હોય તો પણ ભગવાન માટે રસોઈ બનાવો. કથામાંથી કાંઈ નિયમ નહીં લો તો કથા તમારી સાંભળી વ્યર્થ અને મારી કહી પણ વ્યર્થ. કેટલાક કહે છે. કથા સાંભળી નાખી! અરે કથા સાંભળીને નાખી દેવાની નહીં, કથા કાનમાં રાખવાની, કથા હૈયામાં રાખવાની છે.

કોઈ પણ સ્વરૂપની મૂર્તિ રાખી ભાવ અને પ્રેમપૂર્વક સેવા કરો. ચિત્રસ્વરૂપ કરતાં મૂર્તિસ્વરૂપ સારું છે, સેવા કરો ત્યારે એવી ભાવના રાખો કે, સાક્ષાત્ પરમાત્મા છે. સેવાના આરંભમાં ધ્યાન કરો. સંપત્તિ પ્રમાણે અર્થ કરો. સુંદર સિંહાસન બનાવો. ધ્યાન સાથે ભાવના કરો કે, ભગવાન વૈકુંઠ માંથી આવે છે. મારા ઘરમાં જે સેવ્ય સ્વરૂપ છે તેમાં ભગવાન પ્રવેશ કરે છે. સેવામાં બેસો ત્યારે કોઈ પણ આવે તેની સાથે બોલશો નહીં. દેહનું ભાન હોય તો તેને નમસ્કાર કરશે પરમાત્માથી કોઈ શ્રેષ્ઠ નથી. પરમાત્મા સમાન કોઈ નથી તો શ્રેષ્ઠ તો કયાંથી હોય? સેવામાં મનને પરોવી રાખવું એ સેવા છે. તમે શરીરમાં જેવો પ્રેમ રાખો છો એવો ઠાકોરજીના સ્વરૂપમાં પ્રેમ રાખજો. પરમાત્માના અનંત ઉપકાર છે. પ્રભુએ અનેક વખત મારું રક્ષણ કે હું ભગવાનનો દાસાનુદાસ છું, આવો દાસ્યભાવ સેવામાં મુખ્ય છે. દાસ્યભાવ હૃદયને જલદી કીન બનાવે છે અને સેવામાં દીનતા આવે તો હૃદય જલદી પીગળે છે. શ્રીકૃષ્ણસેવામાં ત્યાં સુધી સેવા સફળ થતી નથી.

દાસ્યભાવ વગર સેવા ફળતી નથી. સેવા સ્નેહથી કરો, સમર્પણ હૃદય ન ભાવથી કરો. મુર્તિમાં ભાગવતભાવ ન જાગે ત્યાં સુધી પ્રત્યેક પદાર્થમાં ઈશ્વરભાવ જાગશે નહીં.સેવા કરતા નિષ્ઠા રાખો કે આ તો પ્રત્યક્ષ ઈશ્વર છે. કોઈ દિવસ પાપ થયું હોય અને સેવા કરો તો તે દિવસે પ્રભુ નારાજ થયેલો દેખાશે. જીવ પાપ કરે છે ત્યારે ઈશ્વરને દુ:ખ થાય છે. મન મેલું હશે ત્યાં સુધી સેવામાં આનંદ આવતો નથી માટે મનમાંથી મલિનતા કાઢી નાખો.સેવામાં કેવી ભાવના અને દઢતા જોઈએ. એ બાબતમાં નામદેવ મહારાજનો દાખલો આગળ કહેવાઈ ગયો છે તોયે ફરી સાંભળ વાનો આનંદ છે.નામદેવ ત્રણ વર્ષ ના હતા.ઘરમાં વિઠ્ઠલનાથ ની પૂજા હતી. પિતાને બહારગામ જવાનું થયું છે. નામદેવને પૂજાનું કામ સોંપ્યું. પિતા સમજાવે છે કે,બેટા,ઘરના માલિક વિઠ્ઠલનાથ છે તેની સેવા કર્યા વગર ખાઈએ તો પાપ લાગે. આ ઘરમાં જે કાંઈ છે તે આપણું નથી,વિઠ્ઠલ નાથનું છે.સર્વના માલિક વિઠ્ઠલ નાથ છે. માટે પહેલો ભોગ ઠાકોર જીને ધરાવો પછી તે પ્રસાદ ગ્રહણ કરવો. બેટા,સવારમાં વહેલો જાગ જે. નહાઈ-ધોઈ, પવિત્ર થઈ ભગવાનની પ્રાર્થના કરવી. પછી ઠાકોરજીને જગાડવા. તે પહેલાં ભોગસામગ્રી તૈયારી રાખવી. પછી ધીરેધીરે એમના ચરણ પખાળવાં. તેમને સ્નાન કરાવી એમના મુખાર વિંદની ઝાંખી કરવી,પછી ભગવાન ને શૃંગાર કરવો. પૂછવું કે પીતાંબર લાવું?ઠાકોરજીના શૃંગારમાં અપૂર્વ આનંદનો અનુભવ થશે. શૃંગાર કર્યા પછી ભોગ અર્પણ કરવાનો. ઠાકોરજીને દૂધ ધરાવવાનું. વારંવાર પ્રાર્થના કરવી કે,તમારે જરૂર નથી.પણ તમે આરોગો એવી મારી ભાવના છે. ફરી ફરી આમ પ્રાર્થના કરવી. ઠાકોરજી દૂધ આરોગે,પછી તેમાં થી પ્રસાદ લેવો. આમ સેવા કરી છેલ્લે ઠાકોરજીને સાષ્ટાંગ પ્રણામ કરવા. નામદેવે પિતાજીએ કહેલી સર્વ વાત સાચી માની લીધી. નામદેવના મનમાં ઠસી ગયું કે, ભગવાન દૂધ પીશે. વાત ઠસી ગઈ કે, પરમાત્મા જમે છે. પ્રાતઃકાળમાં ચાર વાગ્યે બાળક ઊઠ્યો. ભગવાનને પ્રેમથી જગાડ્યા. ઠાકોરજીના ચરણ પખાળી સુંદર શણગાર કર્યો. વિઠ્ઠલનાથ પ્રસન્ન દેખાયા. નામદેવ દૂધ લઈ આવ્યો, વિઠ્ઠલ, તમે જગતને જમાડનાર છો.

### રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટી પાસે પણ પોતાનું પ્રાઈવેટ જેટ છે, તેમાં ઘણી આરામદાયક સુવિધાઓ છે

# બોલિવુડના ઘણા સ્ટાર્સ પાસે છે પોતાનું પ્રાઈવેટ જેટ


૧. શાહરૂખ ખાન


૨. અમિતાભ બચ્ચન


૩. અજય દેવગન


૪. શિલ્પા શેટ્ટી


૫. પ્રિયંકા ચોપરા

। મુંબઈ, તા.૪ ।


વાસ્તવમાં દરેક સામાન્ય માણસનું સપનું હોય છે કે તેની પોતાની કાર હોય, જેમાં તે પોતાના પરિવાર સાથે બેસીને બહાર જઈ શકે. પરંતુ જ્યારે સુપરસ્ટારના સપનાની વાત આવે છે, ત્યારે અંગ્રેજી કહેવત 'સ્કાય ઈઝ ધ લિમિટ' તેમના માટે એકદમ સાચી છે. આનો અર્થ એ છે કે તેમના માટે કંઈપણ શક્ય છે.જેમ કાર ખરિદવાનો સપનુ હોય છે તેમ જ લોકો એવું પણ ઈચ્છે છે કે પોતાનુ પ્રાઈવેટ જેટ પણ હોય જેમાં પરિવાર સાથે ફરી શકાય. જો કે આપણે જમીન પર બેસીને ઉંચી ઉડવાનું સપનું જોતા હોઈએ છીએ, પરંતુ કેટલાક એવા સ્ટાર્સ છે જેઓ જ્યારે ઈચ્છે ત્યારે, કોઈ પણ સપના વગર, પોતાના 'પ્રાઈવેટ જેટ'માં બેસીને હવામાં ઉંચી ઉડી શકે છે. તો ચાલો જાણીએ કે કયા એ બોલિવુડ એક્ટર કે એક્ટ્રેસ છે જે પોતાનુ ખુદનુ પ્રાઈવેટ જેટ ધરાવે છે. બોલીવુડના શહેનશાહ અમિતાભ બચ્ચનને તો આપડા દાદાથી લઈને નાના બાળકો સુધી બધા જ જાણે છે. તેમની જીવનશૈલી લક્ઝરીયસ છે. થોડા વર્ષો પહેલા અભિષેક બચ્ચને સોશિયલ મીડિયા પર પોતાના પ્રાઈવેટ જેટની એક ઝલક શેર કરી હતી. હકીકતમાં, પ્રતિષ્ઠિત દાદાસાહેબ ફાળકે એવોર્ડ જીતવા બદલ અભિષેકે તેના પિતાને અભિનંદન આપવા માટે તેના માતાપિતા સાથે જે તસવીર પોસ્ટ કરી હતી, તેમાં તે પ્રાઈવેટજેટમાં બેઠો હતો. મીડિયા રિપોર્ટ મુજબ આ જેટની કિંમત ૨૬૦ કરોડ રૂપિયા છે. જોકે, પ્રાઈવેટ જેટ હોવા અંગે બચ્ચન પરિવાર તરફથી ક્યારેય કોઈ પુષ્ટિ થઈ નથી. પોતાનું 'પ્રાઈવેટ જેટ' ખરીદવાનું શાહરૂખ ખાનનું સપનું હતું. તે અવારનવાર પોતાના પરિવાર સાથે ખાનગી જેટ દ્વારા વિદેશ પ્રવાસ કરે છે. રિપોર્ટ્સનું માનીએ તો સેલિબ્રિટી કપલ રાજ કુન્દ્રા અને શિલ્પા શેટ્ટી પાસે પણ પોતાનું પ્રાઈવેટ જેટ છે. આ જેટ શાનદાર છે અને તેમાં ઘણી આરામદાયક સુવિધાઓ છે. અહેવાલો અનુસાર, હોલીવુડ અને બોલિવૂડ બંનેમાં પોતાનો જાદુ દેખાડનાર અભિનેત્રી પ્રિયંકા ચોપરા જોનાસ પાસે પોતાનું પ્રાઈવેટ જેટ પણ છે. આ પ્રાઈવેટ જેટના કારણે તે ઓછા સમયમાં તેના શૂટિંગ ડેસ્ટિનેશન પર પહોંચી જાય છે. કહેવાય છે કે વોર એક્ટરને ચોપર અને પ્રાઈવેટ જેટથી મુસાફરી કરવી ગમે છે, કારણ કે તે ઓછા સમયમાં શૂટિંગ પર પહોંચી શકે છે. જોધા અકબરના શૂટિંગ દરમિયાન ટ્રાફિકથી બચવા માટે હૃતિક મુંબઈથી નીતિન દેસાઈ સ્ટુડિયો સુધી ચોપર દ્વારા મુસાફરી કરતો હતો.

# અંકિતા લોખંડે લગ્ન પહેલાંથી કરવા ચોથનું વ્રત કરે છે



। મુંબઈ, તા.૪ ।

કરવા ચોથનું વ્રત પતિની લાંબી ઉંમર અને સારા સ્વાસ્થ્ય માટે સ્ત્રીઓ કરતી હોય છે. આજે કરવા ચોથનું વ્રત છે ત્યારે પૂજા-વિધિમાં પણ અનેક ઘણું મહત્વ રહેલું હોય છે. ખાસ કરીને આ વ્રત લગ્ન પછી કરવામાં આવે છે. આ દિવસે આખો દિવસ ઉપવાસ કરવામાં આવે છે. ચાંદ જોયા પછી આ વ્રત પૂરું કરવામાં આવે છે. પરંતુ આજે અમે તમને કેટલીક એવી અભિનેત્રીઓ વિશે જણાવીશું જે લગ્ન પહેલાંથી જ કરવા ચોથનું વ્રત કરવા લાગી છે. તો જાણો આ લિસ્ટમાં કોણ છે. બિગ બોસ ફેમ અને ટીવીની જાણીતી અભિનેત્રી અંકિતા લોખંડે લગ્ન પહેલાંથી કરવા ચોથનું વ્રત કરે છે. અંકિતા ઘણાં વર્ષોથી આ વ્રત કરે છે. લગ્ન પહેલાં કરવા ચોથનું વ્રત કરવાની વાતને લઈને અંકિતા જણાવે છે કે એને આ વ્રતનો કોન્સેપ્ટ ગમે છે. એક્ટ્રેસે વધુમાં જણાવ્યું હતુ કે, આ તહેવારના દિવસે મહેંદી લગાવવી અને ટ્રેડિશનલ સ્ટાઈલમાં તૈયાર થવુ ગમે છે. ગયા વર્ષે અંકિતા એના બોયફ્રેન્ડ વિક્કી જૈન માટે કરવા ચોથનું વ્રત કર્યુ હતુ. બિગ બોસ ૧૩ની કન્ટેસ્ટેન્ટ અને અભિનેત્રી આરતી સિંહનું નામ પણ આ લિસ્ટમાં છે. જે લગ્ન પહેલાં કરવા ચોથનું વ્રત કરે છે. આરતીએ ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કહ્યું હતુ કે, મેં લગ્ન કર્યા નથી, અને હું કોઈ રિલેશનશિપમાં પણ નથી, પરંતુ હું મારા સાથી માટે વ્રત કરું છું. આરતીનું કહેવું છે કે મારો પાર્ટનર જ્યાં પણ હોય ત્યાં એના માટે વ્રત કરીશ.




# આમિરની લાડલી ઈરા ખાન અને નુપુરના કેલવન ફંક્શનની તસવીરો હવે ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ

। મુંબઈ, તા.૪ ।

બૉલીવુડના મિસ્ટર પરફેક્શનિસ્ટ આમિર ખાનની દીકરી ઈરા ખાન ટૂંક સમયમાં તેની બૉયફ્રેન્ડ નુપુર શિખરે સાથે લગ્ન કરવા જઈ રહી છે. આ કપલ આવતા વર્ષે લગ્નના બંધનમાં બંધાશે. હાલ આમિર ખાનની દીકરીના પ્રી-વેડિંગ ફંક્શન શરૂ થઈ ગયા છે. ગઈકાલે ઈરા ખાન અને નૂપુરના લગ્નની શરૂઆત કેલવન સેરેમની સાથે થઈ હતી. આ કપલે સોશ્યલ મીડિયા પર તેની તસવીરો પણ શેર કરી છે. થોડા સમય માટે એકબીજાને ડેટ કર્યા પછી આમિર ખાનની દીકરી ઈરા ખાને પોતાના બૉયફ્રેન્ડ નુપુર શિખરે સાથે નવેમ્બર ૨૦૨૨ માં ઓફિશિયલી રીતે સગાઈ કરી. આ કપલ હવે જાન્યુઆરી ૨૦૨૪માં લગ્ન કરવા જઈ રહ્યું છે. આ દંપતીએ ગઈકાલે કેલવન સમારોહનું આયોજન કર્યું હતું અને આ સાથે તેમના પ્રી-વેડિંગ ફંક્શન્સ શરૂ થઈ ગયા છે. ખરેખરમાં, ઈરાની વર-વધૂ નૂપુર મહારાષ્ટ્રીયન છે, તેથી મહારાષ્ટ્રીયન લગ્નમાં આ એક મહત્વપૂર્ણ ફંક્શન છે. કેલ્વન ફંક્શનમાં વર અને વરરાજાના પરિવારો લગ્ન પહેલાં પરંપરાગત સ્વાદિષ્ટ ભોજન માટે ભેગા થયા છે અને એકબીજાને મળે છે જેથી એકબીજાને લગ્નમાં આમંત્રણ આપી શકાય. આમાં એકબીજાને ભેટ પણ આપવામાં આવે છે. કન્યા અને વરરાજાના સંબંધીઓ પણ ફંક્શનમાં હાજરી આપે છે અને લગ્ન કરી રહેલા દંપતી પર આશીર્વાદ વરસાવે છે અને તેમને ગિફ્ટો આપે છે. ઈરા ખાન અને નુપુરના કેલવન ફંક્શનની તસવીરો હવે ઈન્સ્ટાગ્રામ પર વાયરલ થઈ રહી છે. તસવીરોમાં દેખાતી કન્યાએ 'નૉઝ રિંગ' સાથે સુંદર ગુલાબી-સફેદ લહેરિયા સાડી પહેરી છે જે પરંપરાગત રીતે મહારાષ્ટ્રીયન છે. આ દરમિયાન ઈરા અને નુપુર બંનેના સંબંધીઓ તેમની સાથે જોવા મળ્યા હતા. એકમાં રીના દત્તા નૂપુરની માતા પ્રિતમ શિખરે સાથે જોવા મળી હતી. ઈરાની નજીકની મિત્ર અભિનેત્રી મિથિલા પાલકર પણ તેની સાથે જોવા મળી હતી. અહેવાલ મુજબ ઈરા અને નુપુર ૩ જાન્યુઆરી ૨૦૨૪ના રોજ કૉર્ટ મેરેજ કરશે. આ પછી તેઓ ડેસ્ટિનેશન વેડિંગ માટે ઉદયપુર જશે. ઈરાના પિતા આમિર ૧૩ જાન્યુઆરીએ મુંબઈમાં તેમની દીકરી માટે ભવ્ય લગ્ન સમારંભનું આયોજન કરશે.



# પરિણીતી ચોપરાએ શેર કરલી તસ્વીરોએ મચાવી ધૂમ



દેશભરમાં કરવા ચોથની ઉજવણી કરવામાં આવી હતી. સામાન્ય લોકોની સાથે બોલિવૂડ અભિનેત્રીઓ પણ આ દિવસને ધામધૂમથી ઉજવે છે. પરિણીતી ચોપરા પણ આ વર્ષે તેની પ્રથમ કરવા ચોથની ઉજવણી કરી રહી છે. અભિનેત્રીએ તેના પતિ રાઘવ ચઢ્ઢા માટે ઉપવાસ રાખ્યો છે, જેની એક ઝલક અભિનેત્રીએ તેની ઈન્સ્ટા સ્ટોરી પર શેર કરી છે. પરીએ તેના પતિ સાથે ઘણી તસવીરો શેર કરી છે, જેમાં ક્યાંક રાઘવ એક્ટ્રેસને પાણી આપીને ઉપવાસ તોડાવતો જોવા મળે છે તો ક્યાંક તેના હાથ પર મહેંદી લગાવતો જોવા મળે છે. તસવીરોની સાથે અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યું છે કે, **'Happy first karwa chauth my love..'** નવ પરિણીત પરિણીતી ચોપરાએ તેના ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર આવા જ બે ફોટા શેર કર્યા છે. આ ફોટામાં પરિણીતી તેની કરાવવા ચોથ સ્પેશિયલ મહેંદી લગાવતી જોવા મળી રહી છે. અભિનેત્રીની મહેંદી ખૂબ જ ખાસ છે, ફોટોમાં દેખાઈ રહ્યું છે કે તેની મહેંદીમાં એક મહિલાને હાથમાં છારણી લઈને ચંદ્ર તરફ જોતી દર્શાવવામાં આવી છે. આ સાથે આ ફોટોમાં તેના આઉટફિટની ઝલક પણ જોઈ શકાય છે. અભિનેત્રીએ લાલ રંગનો આઉટફીટ પહેર્યો છે, જેની સાથે તેણે લગ્નની બંગડીઓ પણ પહેરી છે. અભિનેત્રીએ ફોટો સાથે કેપ્શન પણ આપ્યું છે, જેમાં તેણે લખ્યું છે - 'ચાંદ કા ઈન્તઝાર' તમને જણાવી દઈએ કે લગ્ન પછી પરિણીતીની આ પહેલી કરાવવા ચોથ છે. અભિનેત્રીએ ૨૨ ઓગસ્ટે ઉદયપુરના લીલા પેલેસમાં સાંસદ રાઘવ ચઢ્ઢા સાથે સાત ફેરા લીધા હતા. ત્યારથી સોશિયલ મીડિયા પર તેમના લગ્નની ઘણી તસવીરો સામે આવી રહી છે. વર્ક ફ્રન્ટની વાત કરીએ તો પરિણીતી ચોપરા અક્ષય કુમાર સાથે ફિલ્મ 'મિશન રાનીગંજ'માં જોવા મળી હતી.

# કમલ હાસનની ફિલ્મનું ટીઝર રિલીઝ, રકુલ પણ મળી જોવા

। મુંબઈ, તા.૪ ।

લગભગ ૨૭ વર્ષ બાદ કમલ હાસન પોતાની ફિલ્મ ઈન્ડિયનની સિક્વલ લઈને આવી રહ્યા છે. તે પોતાની અપકમિંગ ફિલ્મને લઈને ઘણા સમયથી ચર્ચામાં છે. આ ફિલ્મમાં બોલિવુડ એક્ટ્રેસ રકુલ પ્રીત સિંહ પણ જોવા મળશે. શુક્રવારે મેકર્સે ઈન્ડિયન ૨ નું ટીઝર રિલીઝ કર્યું છે. મેકર્સે ઈન્ડિયન ૨ એન ઈન્ટ્રોના નામે આ વીડિયોને રિલીઝ કર્યો છે, જેમાં કમલ હાસન ખૂબ જ એટ્રેક્ટિલ લુકમાં જોવા મળી રહ્યો છે અને તે પાવરફુલ ડાયલોગ્સ બોલતો પણ જોવા મળી રહ્યો છે. વીડિયોની શરુઆત થાય છે અનિરુદ્ધ અને કમલ હાસનના નામ સાથે. જ્યાં કમલ હાસન આ ફિલ્મનો મેન હીરો છે, જ્યારે અનિરુદ્ધ ફિલ્મને મ્યુઝિક આપી રહ્યો છે. ટીઝરમાં આગળ ફોનની રીંગ વાગે છે અને કોઈ ફોન ઉપાડે છે અને હેલો બોલે છે. બીજી બાજુ કમલ હાસન છે. તે કહે છે, ''જ્યાં પણ અન્યાય થશે, ત્યાં હું જરૂર આવીશ. હિન્દુસ્તાનીની મોત નહીં થાય. ત્યારબાદ બતાવવામાં આવ્યું છે કે કેવી રીતે લોકો સાથે અન્યાય થઈ રહ્યો છે. આ ટીઝરમાં એક ગીત છે 'કમબેક ઈન્ડિયન' જે તેને વધુ શાનદાર બનાવી રહ્યું છે. ટીઝરમાં કમલ હાસન સિવાય સાઉથના એક્ટર સિદ્ધાર્થ, બ્રહ્માનંદમ, રકુલ પ્રીત સિંહ પણ જોવા મળી રહ્યા છે. આ ફિલ્મમાં આ સ્ટાર્સ સિવાય કાજલ અગ્રવાલ, એસજે સૂર્યા પણ જોવા મળશે. ફિલ્મનું ડાયરેક્શન એસ શંકર કરી રહ્યા છે. તમને જણાવી દઈએ કે જ્યારે આ ફિલ્મ તમિલ, કન્નડ અને મલયાલમ ભાષાઓમાં ઈન્ડિયન ૨ તરીકે રિલીઝ થઈ રહી છે, ત્યારે હિન્દીમાં તેનું નામ હિન્દુસ્તાની ૨ રાખવામાં આવ્યું છે. આ જ નામથી હિન્દી ટીઝર પણ રિલીઝ કરવામાં આવ્યું છે. જો આપણે રિલીઝ ડેટ વિશે વાત કરીએ તો હાલમાં તેના વિશે કોઈ જાણકારી શેર કરવામાં આવી નથી. તમને જણાવી દઈએ કે ઈન્ડિયન ફિલ્મ વર્ષ ૧૯૯૬માં રિલીઝ થઈ હતી, જેને ઘણી પસંદ કરવામાં આવી હતી.



# ૫૨ વર્ષની અભિનેત્રી તબ્બુ એ હજુ સુધી નથી કર્યા લગ્ન

। મુંબઈ, તા.૪ ।

બોલિવૂડ બ્યુટી તબ્બુ ૪ નવેમ્બરે પોતાનો જન્મદિવસ ઉજવી રહી છે. તબ્બુ ૫૩ વર્ષની ઉંમરે પણ ખૂબસૂરત લાગે છે. એવું લાગે છે કે તબ્બુ વધતા વર્ષો સાથે વધુ યુવા બની રહી છે. તબ્બુનું પ્રોફેશનલ લાઈફ પુસ્તક જેટલું ખુલ્લું છે એટલું જ તેની પર્સનલ લાઈફનું સિક્રેટ છે. ૫૩ વર્ષની તબ્બુ હજુ કુંવારી છે. ચાહકોના મનમાં હંમેશા આ સવાલ ઉઠે છે કે આટલુ સુંદર તેમજ અનેક અફેર બાદ તબ્બુએ લગ્ન કેમ ન કર્યા. અભિનેત્રીના લગ્ન ન કરવા પાછળનું સાચું કારણ શું છે તે તબ્બુ સારી રીતે કહી શકે છે. તબ્બુ મજાકમાં તેના મિત્ર અજય દેવગનને આ માટે જવાબદાર માને છે. તબ્બુએ લગ્ન ન કર્યા હોવા છતાં પણ તે અવારનવાર તેના અફેરને કારણે ચર્ચામાં રહેતી હતી. તબ્બુ સાજીદ નડિયાદવાલા,નાગાર્જુન, સંજય કપૂરને ડેટ કરી રહી હોવાની અટકળો ચાલી રહી હતી. સંજય કપૂર અને તબ્બુના સંબંધો થોડા સમય સુધી ચાલ્યા. સંજય સાથેના બ્રેકઅપ બાદ તબ્બુના જીવનમાં ફિલ્મમેકર સાજિદ નડિયાદવાલા આવ્યા હતા. તબ્બુ દિગ્દર્શકની પત્ની દિવ્યા ભારતીની નજીકની મિત્ર હતી. દિવ્યાના મૃત્યુ બાદ તબ્બુ અને સાજિદ નજીક આવ્યા હતા. જીત ફિલ્મના સેટ પર તેમનો પ્રેમ ખીલ્યો હતો. સાજિદ તબ્બુ સાથે હતો, પરંતુ તે તેની દિવ્યા ભારતીને ભૂલી શકતો ન હતો. આ કારણથી સાજિદ તબ્બુ સાથે કમિટ કરવામાં અચકાતા હતા. સાજિદ અને તબ્બુ વચ્ચે ઉભી થયેલી આ ખેંચતાણથી એક્ટ્રેસ ઘણી પરેશાન થઈ ગઈ હતી. પરિણામ એ આવ્યું કે તબ્બુ સાઉથ સ્ટાર નાગાર્જુનની નજીક આવી ગઈ. નાગાર્જુન તે સમયે પરિણીત હતા. આ સંબંધે તબ્બુને સૌથી વધુ પીડા આપી.



# કરિશ્મા તન્નાનો ક્લાસી અંદાજ



। મુંબઈ, તા.૪ ।

ટીવીથી બોલિવૂડ સુધીની સફર કરનાર કરિશ્મા તન્ના કેટલાક સમયથી ભાગ્યે જ પ્રોજેક્ટ્સમાં જોવા મળે છે, તેમ છતાં તે લાઈમલાઈટમાં રહે છે. કરિશ્માએ પોતાની શાનદાર એક્ટિંગથી ઈન્ડસ્ટ્રીમાં પોતાની જાતને સાબિત કરી છે. જ્યારે તે સ્ક્રીન પર આવે છે, ત્યારે લોકો તેના પરથી નજર હટાવી શકતા નથી. ક્યારેક તેના પાત્રોને કારણે તો ક્યારેક તેના લુક્સના કારણે તે હંમેશા સમાચારમાં રહે છે પ્રોજેક્ટ્સ ઉપરાંત, કરિશ્મા હંમેશા તેના બોલ્ડ લુકથી લોકોનું ધ્યાન ખેંચે છે. બીજી તરફ, કરિશ્મા તેના ફેન્સ સાથે જોડાયેલા રહેવા માટે સોશિયલ મીડિયા પર ખૂબ જ એક્ટિવ છે.

# ઝાલોદ નગરમાં તૃતીય આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધાના આયોજન હેતું સોમનાથ મહાદેવ મંદિરે બેઠક યોજાઈ

## આર.એસ.એસ , વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ તેમજ સ્થાનિક સેવાકીય લોકો દ્વારા ભવ્ય આયોજન કરવા સંપૂર્ણ સમર્થન આપવાની ખાતરી આપી





। પંકજ પંડિત ઝાલોદ, તા.૦૪ ।

તારીખ ૦૩-૧૧-૨૦૨૩ શુક્રવારના રોજ સોમનાથ મહાદેવ મંદિરે તૃતીય સુંદરકાંડ સ્પર્ધાના આયોજન અંગે મીટિંગ યોજાઈ હતી. આ મીટીંગમાં સર્વ હિન્દુ સમાજના લોકો મોટા પ્રમાણમાં જોડાયા હતા તેમજ સુંદરકાંડ સ્પર્ધાના આયોજન અંગે વિશેષ સૂચન પણ ઉપસ્થિત લોકોએ આપેલ હતા. આ સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન વણકતળાઈ હનુમાનજી મંદિરના બહાર ખુલ્લી જગ્યામાં કરવા માટે મીટીંગમાં ઉપસ્થિત સહુ લોકોએ સહમતી દર્શાવી હતી. આ સુંદરકાંડ સ્પર્ધા નગરના સાક્ષાત દેવતા અને સહુની મનોકામના પૂર્ણ કરનાર હનુમાનજીના મંદિરની બહાર થતાં સનાતની હિન્દુ ધર્મની આસ્થા , શ્રદ્ધા અને ભક્તિમાં વધારો થશે તેવું ઉપસ્થિત સહુ લોકોનું માનવું હતું. આ સુંદરકાંડ સ્પર્ધામાં અલગ અલગ રાજ્ય માંથી ટીમ આવનાર હોવાથી આંતરરાજ્ય સુંદરકાંડ સ્પર્ધા નામ રાખેલ છે તેમજ આ સ્પર્ધામાં વિશેષ આકર્ષણ માટે અલગ અલગ ઝાંખીનું પણ આયોજન કરવામાં આવનાર છે. આ સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન વણકતળાઈ સુંદરકાંડ મંડળ અને મીઠાચોક મિત્ર મંડળ દ્વારા કરવામાં આવનાર છે. આવનાર ૨૦૨૪ જાન્યુઆરીમાં અયોધ્યા ખાતે નવીન બનાવેલ ભવ્ય રામમંદિર વિશ્વ ભરના લોકો માટે દર્શન કરવા માટે ખુલ્લું મુકવામાં આવનાર છે. આ ભવ્ય બનેલ રામમંદિરના પ્રચાર તેમજ સનાતન હિન્દુ ધર્મમાં રામમંદિરના વિશેષ મહત્વની ભૂમિકા માટે લોકોને જાગૃત કરવા અંગે આ ભવ્ય સુંદરકાંડ સ્પર્ધાનું આયોજન કરવામાં આવનાર છે. આ સુંદરકાંડ સ્પર્ધાને સફળ બનાવવા માટે આર.એસ.એસ ,વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, જયદેવા ગ્રૂપ, મીઠાચોક મિત્ર મંડળ, સાંઈ મિત્ર મંડળ, કોળી યુવા સેના તેમજ લુહારવાડા મિત્ર મંડળ દ્વારા સુંદરકાંડ સ્પર્ધાના આયોજનને લઈ વિવિધ જવાબદારી સ્વૈચ્છિક રીતે સ્વિકારી હતી. આ સિવાય નગરના અગ્રણીઓ તેમજ ઉપસ્થિત સહુ લોકોએ આ સ્પર્ધામાં તન મન ધન થી સંપૂર્ણ સહકાર આપવાની ખાતરી આપી હતી.

### બે અજાણ્યા શખ્સો દ્વારા થેલો લઈ નાસી છુટયા હતા

# કેશોદમાં વી.પટેલ આંગડીયા પેઢીમાં ૧૨ લાખથી વધુની લૂંટ



। જૂનાગઢ, તા.૪ ।

જૂનાગઢ જિલ્લાના કેશોદમાં લૂંટની ઘટના બનતા ચકચાર મચી ગઈ છે. કેશોદમાં વી.પટેલ નામની આંગડીયા પેઢીના બે કર્મચારીઓ થેલામાં ૧૨ લાખથી વધુની રકમ લઈ જતા હતા તે દરમિયાન બે અજાણ્યા શખ્સો દ્વારા થેલો લઈ નાસી છુટયા હતા. કર્મચારીઓ એક્ટિવામાં થેલો લઈ જતા હતા ત્યારે અજાણ્યા શખ્સો પગમાં રહેવો થેલો લઈ નાસી ગયા હતા. આ મામલે કેશોદ પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. અહેવાલ અનુસાર, કેશોદ જલારામ મંદિર રોડ પર ગીરીરાજનગરમાં રહેતા અને વી.પટેલ આંગડીયા પેઢીના કર્મચારી પ્રફુલભાઈ ગીરધરભાઈ ગોટેચા અને તેમના સાહેદ બંને પોતાની એકટીવામાં આવતા હોય ત્યારે તેમના ઘર નજીક જલારામ મંદિર રોડ પરના ગીરીરાજનગર નજીક પહોંચ્યા હતા ત્યારે એક કાળા કલરની એકટીવા પર આવેલા બે અજાણ્યા શખ્સોએ પગ પાસે રાખેલ થેલો ઝુંટવી ભાગી છુટયા હતા. આ થેલામાં ૧૨ લાખથી વધુની રકમ હતી. જે અંગેની ફરીયાદ પ્રફુલભાઈ ગીરધરભાઈ ગોટેચાએ નોંધાવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.કેશોદ પોલીસ દ્વારા જિલ્લાભરમાં નાકાબંધી કરવામાં આવી છે. સરાજાહેર લૂંટ કેશોદના ધમધમતા રોડ પર રાત્રે ૮.૧૫ વાગ્યે બની હતી. પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી તપાસ હાથ ધરી છે. રાત્રિના કારણે એકટીવામાં આવેલા બંને શખ્સોના એકટીવાના નંબરની સીરીઝ જોવા મળી ન હતી. આ થેલામાં ૧૨ લાખથી વધુની રકમ હતી. જે અંગેની ફરીયાદ પ્રફુલભાઈ ગીરધરભાઈ ગોટેચાએ નોંધાવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. કેશોદ પોલીસ દ્વારા જિલ્લાભરમાં નાકાબંધી કરવામાં આવી છે. સરાજાહેર લૂંટ કેશોદના ધમધમતા રોડ પર રાત્રે ૮.૧૫ વાગ્યે બની હતી. પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી તપાસ હાથ ધરી છે. રાત્રિના કારણે એકટીવામાં આવેલા બંને શખ્સોના એકટીવાના નંબરની સીરીઝ જોવા મળી ન હતી. આ થેલામાં ૧૨ લાખથી વધુની રકમ હતી. જે અંગેની ફરીયાદ પ્રફુલભાઈ ગીરધરભાઈ ગોટેચાએ નોંધાવતા કેશોદ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.કેશોદ પોલીસ દ્વારા જિલ્લાભરમાં નાકાબંધી કરવામાં આવી છે. સરાજાહેર લૂંટ કેશોદના ધમધમતા રોડ પર રાત્રે ૮.૧૫ વાગ્યે બની હતી. પોલીસે સીસીટીવી કેમેરાની મદદથી તપાસ હાથ ધરી છે. રાત્રિના કારણે એકટીવામાં આવેલા બંને શખ્સોના એકટીવાના નંબરની સીરીઝ જોવા મળી ન હતી.

# ગુજરાત પોલીસ DGP કપ એથ્લેટિક્સ સ્પર્ધા નડિયાદ ખાતે યોજાઈ



। પંકજ પંડિત ઝાલોદ, તા.૦૪ ।

DGP કપ એથ્લેટિક્સ સ્પર્ધા તારીખ ૨/૧૧/૨૦૨૩ અને તા. ૦૩/૧૧/૨૦૨૩ ના રોજ SRP GR-7 નડિયાદ ના નેતૃત્વમાં મરિડાં સ્પોર્ટ એકેડમી ખાતે યોજવામાં આવી જેમાં ગુજરાતના તમામ જિલ્લાઓની અલગ અલગ રેંજો ના પોલીસ રમતવીરોની ટીમો, હથીયારી એકમોની સંયુક્ત ટીમ તેમજ રેલ્વે ગુજરાત પોલીસ ની સયુંક્ત ટીમો મળી ૧૭૫ જેટલા પોલીસ રમતવીરો એ ભાગ લીધો હતો. જેમાં SRP GR-4 ખાતે ફરજ બજાવતા PSI વસૈયા નાઓના નેતૃત્વમાં હથિયારી એકમોની ટીમના ૧૮ જેટલા પોલીસ ખેલાડીઓએ ભાગ લઈ DGP કપ એથલેટિક્સ સ્પર્ધાની તમામ ગેમ્સમાં સારુ પ્રદર્શન કરેલ હોય જેથી હથિયારી એકમોની ટીમને રનર્શ-અપ ટ્રોફી એનાયત કરવા માં આવી હતી. PSI રાજેશ વસૈયા નાઓની નેતૃત્વમાં હાથીયારી એકમોની એથ્લેટિક્સ સયુંકત ટીમ રનર્શ-અપ થતાં PSI વસૈયા નાઓને રનર્શ-અપ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી.

# રાજેશસિંહ રાઠોડનું લાંબી માંદગી બાદ નિધન થયુ, મહીસાગરના આર્મી જવાનનું જમ્મુ કાશ્મીરમાં નિધન થયુ

। સંતોષ જોશી બૂરોઈન ચીફ સંતરામપુર, તા.૪ ।

મહીસાગરના માખલીયા ગામના યુવકનું જમ્મુ કાશ્મીર ખાતે નિધન થયું છે. ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા રાજેશસિંહ રાઠ-ડનું લાંબી માંદગી બાદ સારવાર દરમિયાન નિધન થયું છે. ત્યારે પાર્થિવ દેહને સન્માન સાથે તેમના વતન લાવવામાં આવશે. ત્યાર બાદ ગાર્ડ ઓફ ઓનર સાથે તેમની અંતિમયાત્રા નીકળશે. મહીસાગરના આર્મી જવાનનું જમ્મુ કાશ્મીરમાં નિધન થયું છે. આર્મીમાં ફરજ બજાવતા રાજેશસિંહ રાઠોડનું લાંબી માંદગી બાદ નિધન થયું છે. જવાનના પાર્થિવ દેહને સન્માન સાથે વતન લાવવામાં આવશે. રાજેશસિંહ રાઠોડ પુનેની આર્મી હોસ્પિટલમાં દાખલ હતા.મહીસાગરના માખલીયા ગામના યુવકનું જમ્મુ કાશ્મીર ખાતે નિધન થયું છે. ઈન્ડિયન આર્મીમાં ફરજ બજાવતા રાજેશસિંહ રાઠોડનું લાંબી માંદગી બાદ સારવાર દરમિયાન નિધન થયું છે.

# ટ્રાફિકની સમસ્યા નિવારવા કાર્યવાહી, ગોધરાના મુખ્ય માર્ગ પરથી દબાણો દૂર કરાયા

। પંચમહાલ, તા.૪,

ગોધરા શહેરમાં અનઅધિકૃત દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વિકટ બની હતી. જેને નિવારવા માટે કલેક્ટર દ્વારા આપવામાં આવેલી સૂચનાને પગલે કાર્યવાહી કરવામાં આવી છે. પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં તેમજ પોલીસ અને માર્ગ મકાન વિભાગની ઉપસ્થિતિમાં દબાણો દૂર કરવામાં આવ્યા. પંચમહાલમાં ગોધરાના મુખ્ય માર્ગ પરથી દબાણો દૂર કરવામાં આવ્યા છે. ગાંધીચોકથી ભૂરાવાવ ફલાય ઓવરબ્રિજ સુધીના દબાણ દૂર કરવામાં આવ્યા. દુકાનો આગળ ગેરકાયદે રીતે બનાવેલા ૩૫ શેડ અને લારી ગલ્લા તંત્રએ કબજે કર્યા છે. ટ્રાફિકની સમસ્યા વધવાને



કારણે કાર્યવાહી કરવામાં આવી છે.ગોધરા શહેરમાં અનઅધિકૃત દબાણોને કારણે ટ્રાફિકની સમસ્યા દિવસે દિવસે વિકટ બની હતી. જેને નિવારવા માટે કલેક્ટર દ્વારા આપવામાં આવેલી સૂચનાને પગલે કાર્યવાહી કરવામાં આવી છે.

પ્રાંત અધિકારીની અધ્યક્ષતામાં તેમજ પોલીસ અને માર્ગ મકાન વિભાગની ઉપસ્થિતિમાં દબાણો દૂર કરવામાં આવ્યા.

### વય નિવૃત્તિ સન્માન સમારોહ

# ખરાવાડા પ્રાથમિક શાળામાંથી શ્રીમતી જયાબેન કે.પટેલ વિદાય સન્માન સમારોહ

## મહીસાગરના કડાણાની ખરાવાડા પ્રાથમિક શાળામાંથી શ્રીમતી જયાબેન કે.પટેલ ૫૮ વર્ષની સરકારની સેવામાંથી નિવૃત થતા સન્માન સમારોહ ખરાવાડા પ્રાથમિક શાળામાં રાખવામાં આવેલ હતો





। ભરતભાઈ એ. પંડ્યા દિવડા કોલોની, તા.૪ ।

વય નિવૃત્તિ સન્માન સમારોહ. મહીસાગર જિલ્લાના કડાણા તાલુકાની ખરાવાડા પ્રાથમિક શાળામાંથી શ્રીમતી જયાબેન કે.પટેલ ૫૮ વર્ષની સરકારની સેવામાંથી તા.૩૧-૧૦-૨૩ ના રોજ વય નિવૃત થતા તેઓનો વિદાય સન્માન સમારોહ ખરાવાડા પ્રાથમિક શાળામાં રાખવામાં આવેલ હતો જેમાં મા.શ્રી કુબેરભાઈ ડિંડોર સાહેબ, કે.મંત્રી.પ્રા. મા.પ્રો.શિ.ગુ. રાજ્ય, ઉપરાંત તા. કે. ની. શ્રી માછી સાહેબ. તા.પ્રમુખ, જિલ્લા પ્રમુખ, શાળા નો સ્ટાફ ઉપરાંત આમંત્રિત મહેમાનો ઉપરાંત સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.દીપ પ્રાગટ્ય,સ્વાગત ગીત થી કાર્યક્રમ ની શરૂવાત કરવામાં આવી હતી. નિવૃત થનાર શ્રીમતી જયાબેન ની કાર્ય ક્ષમતાને સૌએ બિરદાવી હતી આવેલ મહેમાનો તેમજ શાળાની બાલિકાઓ ભાવ વિભોર બનીગઈ હતી.

અંતમાં ભોજન પ્રસાદી લઈ સમારોહ પૂર્ણ કરી સૌ છુટા પડ્યા હતા. નિવૃત થનાર શ્રીમતી જયાબેન ની કાર્ય ક્ષમતાને સૌએ બિરદાવી હતી આવેલ મહેમાનો તેમજ શાળાની બાલિકાઓ ભાવ વિભોર બનીગઈ હતી. અંતમાં ભોજન પ્રસાદી લઈ સમારોહ પૂર્ણ કરી સૌ છુટા પડ્યા હતા.

# શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલી ખાતે SEAS પરીક્ષાનું આયોજન




। સંજેલી, તા.૦૪ ।

સંજેલી તાલુકામાં આવેલ યુગ શક્તિ ગાયત્રી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત શ્રી શ્રધ્ધા વિદ્યાલય સંજેલી ખાતે ધોરણ -૩ માં આજે PARAKH; NCERT ગાંધીનગર દ્વારા (SEAS) ૨૦૨૩ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બીએડ કૉલેજથી આવેલા હઠીલા પારૂલબેન અને શાળાના આચાર્ય શ્રી દિલીપકુમાર એચ. મકવાણા દ્વારા શાંતિપૂર્ણ માહોલમાં યોજાઈ હતી.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે તમારા વિચારોને કેટલાક હકારાત્મક વિચારોમાં વાળો કેમ કે તમે ભયના ડરામણા દૈત્ય સામે લડી રહ્યા છો, અન્યથા તમે આ કટ્ટર દૈત્યના નિષ્ક્રિય તથા આસાન ભોગ બની જશો. કેટલીક મહત્વની યોજનાઓ અમલમાં મુકાશે જેને કારણે તમને નવો આર્થિક લાભ થશે. પરિવારના સભ્યોની માગ ખૂબ વધારે હશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે તમારા આત્મવિશ્વાસ અને ઊર્જાનું સ્તર ઊંચું રહેશે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે. છેલ્લા થોડા સમયથી તમારૂં અંગત જીવન તમારા ધ્યાનનું મુખ્ય કેન્દ્ર રહ્યું છે-પમ આજે તમે સામાજિક જીવન પર ધ્યાન આપશો.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂતર્તા અને આઝાદી આપશે

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. લાંબા-ગાળાના લાભ માટે શેર્સ તથા મ્યુચ્યુઅલ ફંડમાં રોકાણ કરો. પરિવારના સભ્યોની મદદ તમારી જરૂરિયાતોનું ધ્યાન રાખશે. તમારા દિલ અને મગજ પર રૉમાન્સનું રાજ હશે. કોઈ કારણોસર, આજે તમારી ઓફિસ માં વહેલા રજા હોઈ શકે છે.

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય માટે લાંબી વૉક પર જાવ. તમારૂં સમર્પણ તથા સખત મહેનતની નોંધ લેવાશે તથા આજે તેને કારણે તમારી માટે આર્થિક વળતર પણ લાવશે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમમાં કોઈને સફળ થવાની કલ્પના કરવામાં મદદ કરજો. જ્યાં સુધી મુશ્કેલીમાંથી માર્ગ કાઢવાની ઈચ્છા છે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે આજે તમારે હળવાશ અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાનો પ્રયાસ કરવાની જરૂર છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ધનને તમારી આંગળીઓ વચ્ચેથી સરકી જવા ન દેતા. તમને ખુશ કરે એવી બાબતો કરો, પણ અન્યોના કાર્યવ્યાપથી દૂર રહેવાનો પ્રયાસ કરજો. પ્રેમીઓ પારિવારિક લાગણીઓ પ્રત્યે ખૂબ જ વિચારશીલ બનશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે તમારી જાતને એવી પ્રવૃત્તિઓમાં મશગુલ રાખો જે તમને તમારૂં મગજ શાંત રાખવામાં મદદરૂપ થાય. ધન સંબંધી કોઈ બાબત આજે ઉકેલી શકાય છે અને તમને ધન લાભ પણ થયી શકે છે. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. તમારા દિલને અપીલ કરે એવી કોઈ વ્યક્તિને મળવાની સંભાવના અતિ પ્રબળ છે.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે બાળકો સાથે રમવાથી તમને દર્દ દૂર કરનાર અદભુત અનુભવ થશે. તમારા ઘરને લગતું રોકાણ ફાયદાકારક પુરવાર થશે. પારિવારિક જવાબદારીઓ પર તાકીદે ધ્યાન આપવાની જરૂર છે. તમારા તરફથી બેદરકારી મોંઘી સાબિત થઈ શકે છે. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે પત્ની કદાચ તમારો ઉત્સાહ વધારશે. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. તમે ધાર્મિક સ્થળ અથવા કોઈક સબંધીની મુલાકાત લો એવી શક્યતા જોવાય છે. આજે તમે કોઈકનું દિલ તૂટતા અટકાવશો. તમારું કુટુંબ આજે તમારી સાથે ઘણી સમસ્યાઓ શેર કરશે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે ફિટનેસ તથા વૅટ લૉસ પ્રૉગામ્સ તમને સ્વસ્થ રહેવામાં મદદ કરશે. આજે તમે તમારું ધન ધાર્મિક કાર્યો માં લગાવી શકો છો જેથી તમને માનસિક શાંતિ મળવા ની પુરી શક્યતા છે. મિત્રો સાથે સાંજ મોજ-મજા માટે તથા રજાઓના આયોજન માટે સારી રહેશે. પ્રેમ એ ઈન્દ્રિઓની મર્યાદા બહારની બાબત છે, પણ આજે તમારી ઈન્દ્રિઓ પ્રેમના અતિઆનંદની અનુભૂતિ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે સામાજિકપણે હળવા-મળવાનો ભય તમને હતાશ કરી નાખશે. તેને દૂર કરવા તમારા આત્મવિશ્વાસને પ્રોત્સાહિત કરો. નાણાપ્રવાહમાં વધારો મહત્વની ચીજોની ખરીદી તમારી માટે આસાન બનાવશે. સાંજે બાળકો સાથે થોડો આનંદદાયક સમય વિતાવજો. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે સ્વાસ્થ્ય સારૂં રહેશે. આજ ના દિવસે ઘર માં કોઈ ઈલેક્ટ્રિક વસ્તુ ખરાબ થવા ના લીધે તમારું ધન ખર્ચ થયી શકે છે. તમારી માટે એ સમજવાનો સમય આવી ગયો છે કે ગુસ્સોએ ટૂંકા ગાળાનું ગાંડપણ છે અને તે તમને મુશ્કેલીમાં મુકી શકે છે. આજે તમે તમારા પ્રિયપાત્રનો પ્રેમ તમારી આસપાસ અનુભવશો. આજનો દિવસ ખૂબ જ સુંદર અને પ્રેમભર્યો રહેશે.

## ન્યૂઝ બ્રિફ

### "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત આણંદ જિલ્લાની વિવિધ સરકારી કચેરીઓ ખાતે સરકારી રેકર્ડના વર્ગીકરણની કામગીરી

આણંદ, શનિવાર :: વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ યોજાઈ રહેલ "સ્વચ્છતા હી સેવા" અભિયાન અંતર્ગત રાજ્યભરમાં વિવિધ સ્વચ્છતા કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જે અંતર્ગત તમામ સરકારી કચેરીઓના રેકર્ડ વર્ગીકરણ, ભંગારનો નિકાલ, જુના વાહનોની હરાજી વગેરે જેવી કામગીરી કરવામાં આવી રહી છે.

આ કાર્યક્રમના ભાગરૂપે આણંદ જિલ્લામાં પણ વિવિધ સરકારી કચેરીઓ ખાતે સરકારી રેકર્ડનું વર્ગીકરણ કરવામાં આવી રહ્યું છે.

જે અંતર્ગત તારાપુર તાલુકા પંચાયત, બોરસદ તાલુકા પંચાયત, ખંભાત તાલુકા પંચાયત, મિશન મંગલમ શાખા - પેટલાદ, આણંદ તાલુકાની અજરપુરા ગ્રામ પંચાયત, પેટલાદ તાલુકાની માનપુરા ગ્રામ પંચાયત, સોજીત્રા તાલુકાની મેઘલપુર ગ્રામ પંચાયત તેમજ ઉમરેઠ તાલુકાની થામણા ગ્રામ પંચાયત ખાતે અધિકારી-કર્મચારીઓ દ્વારા વહિવટી રેકર્ડનું વર્ગીકરણ કરવામાં આવ્યું હતું.

### બગસરા નગરપાલિકા દ્વારા સાતલડી નદી કિનારે સફાઈ ઝુંબેશ

। અમરેલી, તા.૦૪ ।

સ્વચ્છતા હી સેવા મહા અભિયાન અંતર્ગત જિલ્લામાં ગામે ગામ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ યોજાઈ રહી છે. આ અભિયાન અંતર્ગત બગસરા નગરપાલિકા દ્વારા સાતલડી નદી કિનારે સફાઈ ઝુંબેશ યોજાઈ હતી. ઉપરાંત શહેરના સ્ટેશન રોડ, રહેણાંક વિસ્તારમાં કચરો એકઠો કરી યોગ્ય નિકાલ કરવામાં આવ્યો હતો. આ સ્વચ્છતા હી સેવા અભિયાનમાં બગસરા નગરપાલિકાની સમગ્ર ટીમ જોડાઈ હતી.

નિર્મળ ગુજરાતના સંકલ્પને મળ્યું જનસમર્થન. આવો, આપણે સૌ સ્વચ્છતાનો સંકલ્પ કરીએ, સ્વચ્છતાને જીવનશૈલીનું અભિન્ન અંગ બનાવીએ. જિલ્લામાં સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત તા.૧૬ ડિસેમ્બર,૨૦૨૩ સુધી વિવિધ સ્વચ્છતાલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવશે. સમગ્ર રાજ્યમાં ગામે ગામ સ્વચ્છતા અભિયાન વેગવંતુ બન્યું છે. ઉપરાંત ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં લોકો ઉત્સાહભેર આ અભિયાનમાં જોડાઈને સ્વચ્છતાગ્રહી બની રહ્યા છે.

# વાદળી આંખ અને શરત પુરી કરશો તો જ મળશો નોકરી

## લોસ એન્જલસ ડોજર્સ બેઝબોલ ટીમ માટે ચાર્ટર ફ્લાઇટ્સ પર કામ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી

। નવી દિલ્હી, તા.૪ ।

દરેક કંપની ઈચ્છે છે કે ત્યાં કામ કરતા લોકો તેની અપેક્ષા મુજબ રહે. પરંતુ કેટલીકવાર આવી વિચિત્ર શરતો લાદવામાં આવે છે જે આશ્ચર્યજનક છે. થોડા દિવસો પહેલા એક કંપનીની આવી જ શરત વાયરલ થઈ હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે જો તમારે નોકરી જોઈતી હોય તો તમારે શાકાહારી બનવું પડશે. જેની ખૂબ ટીકા થઈ હતી. તેવી જ રીતે એક અમેરિકન એરલાઈન્સ દ્વારા પણ વિચિત્ર શરત મુકવામાં આવી છે. તે માત્ર વાદળી આંખોવાળી છોકરીઓને જ નોકરી આપે છે.



આ સિવાય પણ આવી ઘણી શરતો છે, જેના વિશે જાણીને તમે ચોંકી જશો. અમેરિકાની યુનાઈટેડ એરલાઈન્સ પર રોજગારના મામલે ભેદભાવ કરવાનો આરોપ છે. તે અમુક ખાસ વિશેષતા ધરાવતા લોકોને જ નોકરી આપી રહી છે. ચાર્ટર્ડ ફ્લાઈટ્સમાં એટેન્ડન્ટની નોકરી માટે વાગળી આંખોવાળી છોકરીઓ તેમની પહેલી પસંદ છે. સાથે જ જવાન અને દેખાવમાં પાતળી હોવાની પણ શરત રાખવામાં આવી છે. તેના માટે અનુભવની પણ અવગણના કરવામાં આવી રહી છે. હકીકતમાં, એરલાઈન્સના બે ફ્લાઈટ એટેન્ડન્ટે આ મુદ્દો ઉઠાવ્યો છે અને આ મામલો કોર્ટમાં લઈ ગયા છે. તે દાવો કરે છે કે આ કારણોસર તેને લોસ એન્જલસ ડોજર્સ બેઝબોલ ટીમ માટે ચાર્ટર ફ્લાઈટ્સ પર કામ કરવાની મંજૂરી આપવામાં આવી ન હતી. કારણકે તેમની પસંદ કંઈક ખાસ હતી. ૫૦ વર્ષની ડોન ટોડ અને ૪૪ વર્ષની ડાર્બી ક્યૂઝાદાએ પોતાની અપેક્ષાનો આરોપ લગાવ્યો અને કહ્યું કે તેને તે જ કારણોસર બહાર કરી દેવામાં આવ્યાં છે. કહ્યું, બંનેએ એરલાઈન્સને ૧૫ વર્ષથી વધારેનો સમય આપ્યો છે. તેમ છતાં તેમને મોકો આપવામાં નથી આવી રહ્યો. ફક્ત એટલે તેમને આ ચાન્સ નથી આપવામાં આવી રહ્યો કારણકે, તે ગોરી નથી. ન્યૂયોર્ક પોસ્ટ અનુસાર, મામલામાં અમુક દિવસો બાદ સુનાવણી છે અને હજુ સુધી એરલાઈન્સના પક્ષ સામે આવ્યો નથી.

સરકારના વિકાસના કામોમાં ક્વોલિટી બાબતમાં કોઈ કચાશ ચલાવી લેવાશે નહીં: શિક્ષણમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયા

# શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષ સ્થાને કામરેજ તાલુકા સંકલન સમિતિની બેઠક યોજાઈ

શિક્ષણ રાજ્યમંત્રી અને ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનશેરીયાના અધ્યક્ષસ્થાને તથા પ્રાંત અધિકારી વી.કે.પીપળીયાની ઉપસ્થિતિમાં કામરેજ તાલુકા સંકલન સમિતિની બેઠક પ્રાંત કચેરી ખાતે યોજાઈ હતી.

બેઠકમાં વિકાસકામો ગુણવત્તાયુકત થાય તે જરૂરી હોવાનું જણાવતા મંત્રીએ કહ્યું કે, સરકારના વિકાસના કામોમાં ક્વોલિટી બાબતમાં કોઈ કચાશ ચલાવી લેવાશે નહી. આગામી પાંચ વર્ષમાં કામરેજ તાલુકાના એક પણ ગામમાં ઝૂંપડું ન રહે, સૌને પાકા મકાનો મળે તે દિશામાં રોડમેપ બનાવી કામગીરી હાથ ધરવા જણાવ્યું હતું. કામરેજની આસપાસ ગંદકી તથા હાઈવેના સર્વિસ રોડની સમયસર મરામત થાય તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. ડ્રેનેજ તથા પાણીની પાઈપલાઈન જેવા વિકાસકામોમાં કોઈ પણ અડચણરૂપ બનતા હોય તો પોલીસ બંદોબસ્ત સાથે કામગીરી કરવા મંત્રીએ કહ્યું હતું. ગુજરાત ગેસ કંપની દ્વારા કામરેજમાં મહત્તમ ગામોનો સમાવેશ કરી ગેસ લાઈનની કામગીરી ઝડપી બનાવવા જણાવ્યું હતું. પ્રધાનમંત્રી આયુષ્માન કાર્ડ અંતર્ગત કોઈ લાભાર્થી કાર્ડ વિના રહી ન જાય તે માટે ઝુંબેશ હાથ ધરવા જણાવ્યું હતું. પ્રાંત અધિકારી પીપળીયાએ મતદારયાદી સંક્ષિપ્ત સુધારણા યાદીની ઝુંબેશમાં વધુમાં વધુ લોકોને પોતાના નામો ઉમેરવા, સુધારા-વધારા કરવાનો અનુરોધ કર્યો હતો. બેઠકમાં વિવિધ વિભાગોના અધિકારીઓ-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય સુરક્ષા પરિષદના પ્રવક્તાએ વ્હાઇટ હાઉસમાં આયોજિત પ્રેસ બ્રીફિંગમાં રશિયા પર આરોપો લગાવ્યા

ઇન્ડિયન રેડક્રોસ સોસાયટી અને અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા શરૂ કરાયેલા

# "વિદ્યાર્થી સતર્કતા અભિયાન"ને તા.૦૪/૧૧/૨૦૨૩ શ્રી અજયભાઇ પટેલે શુભારંભ કરાવ્યો

## "વિદ્યાર્થી સતર્કતા અભિયાન" હેઠળ શાળા કક્ષાએ લગભગ પાંચ લાખ બાળકોને જીવન જરુરી બાબતોની

શાળા કક્ષાએથી બાળકો સીપીઆર, પ્રાથમિક સારવાર, રક્તદાન, અંગદાન, થેલેસેમિયા, એનીમિયા, રોડ સેફટી નિયમો અને બેક્રિંગ અંગે બેઝિક તાલીમ મેળવે તે આ અભિયાનનો આશય છે. ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત તથા અમદાવાદ મેડિકલ એસોસિએશન દ્વારા "વિદ્યાર્થી સતર્કતા અભિયાન"નો અમદાવાદથી શુભારંભ કરવામાં આવ્યો છે. "વિદ્યાર્થી સતર્કતા અભિયાન"ને અમદાવાદની દિવાનબલ્લુભાઇ શાળાથી શરુ કરતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાત ના ચેરમેન શ્રી અજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, રેડક્રોસ અને અમદાવાદ મેડિકલ એસોશિએશનની સાથે મળીને ભાવિ પેઢીને માનવતાવાદી પ્રવૃતિમાં સમાજમાં કેવી રીતે મદદરુપ થવાય અને તેમનું અને સમાજનું જીવન ધોરણ ઉંચું આવે તે માટે "વિદ્યાર્થી સતર્કતા અભિયાન" શરુ કરવામાં આવ્યું છે. "વિદ્યાર્થી સતર્કતા અભિયાન"ને શરુ કરાવતા ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી, ગુજરાતના ચેરમેન શ્રી અજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, શરૂઆતના તબક્કામાં અમે અમદાવાદની તમામ શાળાઓમાં લગભગ પાંચ લાખ જેટલા વિદ્યાર્થીઓને તાલીમ આપીશું અને ત્યારબાદ અભિયાન આગળ ધપાવતાં રાજયની શાળાના વિદ્યાર્થીઓ આ "વિદ્યાર્થી સતર્કતા અભિયાન"માં જોડાય અને તાલીમ મેળવી સમાજમાં ઉપયોગી થાય તે અમારું લક્ષ્ય છે. દિવાન બલ્લુભાઇ શાળાના જ વિદ્યાર્થી રહેલા શ્રી અજયભાઇ પટેલે આ અભિયાન તેમની જ શાળાથી શરુ કરતાં જણાવ્યું હતું કે, શાળા કક્ષાથી બાળકો સીપીઆર, પ્રાથમિક સારવાર, રોડ સેફટી નિયમો અને બેક્રિંગ અંગે બેઝિક તાલીમ મેળવે એ આખાય અભિયાનનો આશય છે.

# ભારતમાં વિશ્વમાં બીજા ક્રમની શ્રેષ્ઠ કર્મચારી સુખાકારી

## ભારત ચીન અને જાપાનથી આગળ છે અને સર્વેમાં ૭૬% અંક મેળવ્યા છે, જ્યારે જાપાન ૨૫% સ્કોર કરીને સૌથી નીચું સ્થાન મેળવ્યું છે

। નવી દિલ્હી, તા.૪ ।

તાજેતરમાં જ મેકિનસે હેલ્થ ઈન્સ્ટિટ્યૂટ દ્વારા શ્રેષ્ઠ કર્મચારી સુખાકારી ધરાવતા દેશો વિશે વૈશ્વિક સર્વે હાથ ધરવામાં આવ્યો હતો. બીએનએન બ્લૂમબર્ગ અહેવાલ મુજબ, રિસર્ચમાં તેમને જાણવા મળ્યું કે ભારત વિશ્વમાં બીજા ક્રમનું શ્રેષ્ઠ કર્મચારી સુખાકારી ધરાવે છે. પ્રથમ સ્થાને રહેલા તુર્કીએ સૌથી વધુ ૭૮% સ્કોર કર્યો છે. સર્વે મુજબ, ભારત ચીન અને જાપાનથી આગળ છે અને સર્વેમાં ૭૬% અંક મેળવ્યા છે. જ્યારે જાપાન ૨૫% સ્કોર કરીને સૌથી નીચું સ્થાન મેળવ્યું છે. ચીન ૭૫%ના સ્કોર સાથે ત્રીજા સ્થાને છે. વૈશ્વિક સરેરાશ ૫૭% હતી. સર્વેક્ષણના પરિણામો એવા સમયે આવ્યા છે જ્યારે ભારત યુવા ભારતીયો માટે અઠવાડિયામાં ૭૦ કલાક કામ કરવાના નારાયણ મૂર્તિના સૂચન પર ચર્ચા કરી રહ્યું છે. ઈન્ફોસિસના સ્થાપક દ્વારા કરવામાં આવેલા આ સૂચનને વિવિધ ટેક કંપનીઓના સીઈઓ દ્વારા ઘણો ટેકો મળ્યો હતો. અન્ય લોકો પણ હતા જેઓ મૂર્તિ સાથે અસંમત હતા. ૩૦ દેશોમાં ૩૦,૦૦૦ થી વધુ કર્મચારીઓ પર આ સર્વે કરવામાં આવ્યો હતો. મેકકિન્સેના કર્મચારી સુખાકારી સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે જે કર્મચારીઓને હકારાત્મક કામના અનુભવો હતા કામમાં વધુ નવીનતા ધરાવે છે અને નોકરીની કામગીરીમાં સુધારો કર્યો છે. અભ્યાસમાં જાપાનને ૨૫ ટકા માર્ક્સ મળ્યા છે. જાપાન પછી બ્રિટન, નેધરલેન્ડ, ફ્રાન્સ, ન્યુઝીલેન્ડ, કેનેડા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ કોરિયા અને પોલેન્ડ નીચેના ક્રમમાં છે. ઈન્ટરનેશનલ લેબર ઓર્ગેનાઈઝેશન (આઈએલઓ)ના ૨૦૨૩માં અપડેટ થયેલા ડેટા અનુસાર, ભારતીયો વિશ્વના સૌથી સખત કામદારોમાં સામેલ છે, જેઓ રોજગારી વ્યક્તિ દીઠ દર અઠવાડિયે ૪૭.૭ કલાક ફાળવે છે. જાપાનમાં મોટી સંખ્યામાં કર્મચારીઓ ટૂંકા ગાળાના કોન્ટ્રાક્ટ પર કામ કરે છે, જેના કારણે કર્મચારીઓમાં અનિશ્ચિતતા વધી રહી છે. રાશેલ કોપે જણાવ્યું કે, પોતાને ઓછો આંકવાનો દસ્તાવેજીકૃત વલણ, કાર્યસ્થળે સંતોષનો અભાવ અને વધેલા તણાવનું સ્તર જાપાનના રેક્રિંગના કારણોમાંનું એક છે.

**વિશેષ** મેરેન્ગો સીમ્સ હોસ્પિટલમાં કોરોનાકાળ પહેલાના હાર્ટ એટેકના અથવા હૃદય રોગના દર્દીઓની સરેરાશ ટકાવારી ૯.૬% થી જે કોરોના બાદ પણ ૯.૭ ટકા જેટલી જ જોવા મળી હતી

# આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર અને યુ.એન.મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી દ્વારા 'હૃદયની વાત દિલથી કરીએ' પ્રેસ કોન્ફરન્સ-૨૦૨૩ યોજાઈ

શહેરના પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ દ્વારા હૃદયને લગતા રોગો, યુવાનોમાં હૃદય રોગ સંબંધિત બાબતો, કાળજી, સાર-સંભાળ અને તે અંગેની ગેરમાન્યતાઓ અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું યુ.એન.મહેતા હોસ્પિટલમાં કોરોના કાળ પહેલા હૃદયરોગના દર્દીઓમાં હાર્ટ એટેકના દર્દીઓની સરેરાશ સંખ્યા ૮ થી ૧૧ ટકા પ્રતિ વર્ષ હતી, જે કોરોના બાદના વર્ષ ૨૦૨૩ સુધીના આંકડામાં પ્રમાણે સરેરાશ ૧૨% જેટલી જોવા મળી છે. સ્ટર્લીંગ હોસ્પિટલમાં પણ કોરોના પહેલા હૃદય રોગના દર્દીઓની સંખ્યા સરેરાશ ૧૧ ટકા જેટલી હતી જે કોરોના બાદ પણ ૧૧.૨% જેટલી જ જોવા મળી હતી. આ ઉપરાંત ઝાયડસ હોસ્પિટલમાં કોરોકાળ પહેલા યુવાનોમાં હૃદયરોગના કારણે હાર્ટ અટેકની સરેરાશ ટકાવારી ૬.૩ ટકા હતી જે કોરોના કાળ બાદ સરેરાશ ૬.૧ ટકા થઈ છે.

આમ કોરોના કાળ બાદ રાજ્યની કાર્ડિયાક હોસ્પિટલ્સમાં સરેરાશ કોઈ જ નોંધપાત્ર વધારો જોવા મળેલો નથી.

**શહેરના નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ :-**

**કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેક અલગ અલગ બાબતો છે, જેને સમજવાની જરૂર છે.**

**કોરોના ઇન્ફેક્શન અને કોરોના વેક્સિનને હાર્ટ એટેક કે કાર્ડિયાક એરેસ્ટ સાથે સંબંધ નથી**

**યુવાનોમાં સડન ડેથ માટે ઘણાં કારણો જવાબદાર, જૂજ કિસ્સાઓમાં જ સડન ડેથનું કારણ હાર્ટ એટેક**

**નાગરિકોએ ગભરાવવાની જરૂર નથી, કાર્ડિયાક એરેસ્ટ અને હાર્ટ એટેકના સાચાં કારણો જાણીએ અને લોકોને જાગૃત કરીએ**

**સારી જીવનશૈલી, ખાનપાન, કસરત, તણાવમુક્ત જીવન હંમેશા રોગોથી દૂર રાખે છે**

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશ પટેલ રાજ્યના પ્રત્યેક નાગરિકના આરોગ્યની દરકાર સતત કરી રહ્યાં છે. રાજ્યમાં હૃદયરોગ સંબંધિત પ્રવર્તમાન સ્થિતિ અંગે આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલના માર્ગદર્શન હેઠળ નિષ્ણાંત કાર્ડિયોલોજીસ્ટની એક પેનલ બનાવવામાં આવી હતી. આરોગ્યમંત્રી શ્રીના માર્ગદર્શન હેઠળ આજે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર અને યુ.એન.મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા અમદાવાદમાં 'હૃદયની વાત દિલથી કરીએ' પ્રેસ કોન્ફરન્સ-૨૦૨૩ યોજાઈ. શહેરના પ્રખ્યાત કાર્ડિયોલોજિસ્ટ દ્વારા હૃદયને લગતા રોગ, યુવાઓમાં હૃદય રોગ સંબંધિત બાબતો, કાળજી, સાર-સંભાળને લગતી બાબતો અને હૃદય રોગ બાબતે સમાજમાં પ્રવર્તતી ગેરમાન્યતાઓ અંગે સચોટ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. યુ.એન. મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરના નિયામક, હેડ અને પ્રાધ્યાપક સીવીટીએસના ડૉ.ચિરાગ દોશી, મેરેન્ગો સીમ્સ હોસ્પિટલના કન્સલ્ટન્ટ સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. મિલન ચગ, ઝાયડસ હોસ્પિટલના કન્સલ્ટન્ટ સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. ભાવેશ રોય, સ્ટર્લિંગ હોસ્પિટલના કન્સલ્ટન્ટ સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રસેશ પોથીવાલા દ્વારા મીડિયાના માધ્યમથી રાજ્યના નાગરિકોને વર્તમાન સમયમાં હૃદયરોગ સંબંધિત સમસ્યાઓ, હાર્ટ અટેક અને કાર્ડિયાક અટેક સંલગ્ન માહિતી અને યુવાનોના મૃત્યુ અને તે માટે હૃદયરોગ જવાબદાર હોવાની ગેરમાન્યતા અંગે વીગતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ તકે આરોગ્ય વિભાગના એડિશનલ ડાયરેક્ટર મેડિકલ એજ્યુકેશન ડૉ. આર. કે. દીક્ષિતે પણ મીડિયાના માધ્યમથી આ સંદર્ભે રાજ્યસરકાર દ્વારા કરવામાં આવી રહેલી પ્રો-એક્ટિવ કામગીરી, દ્રઝ્રઢ રોગ, રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવતા સ્ક્રીનીંગ અંગે લોકોને માહિતગાર કર્યા હતા.

પ્રવર્તમાન સમયે ફક્ત ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં બિનચેપી રોગો અને હૃદયરોગ સંબંધિત કેસની સંખ્યા વધી હોવાનું તેમણે ઉમેર્યુ હતુ.

પ્રેસ કોન્ફરન્સની શરૂઆત કરતાં યુ.એન.મેહતા ઈન્સ્ટિટ્યૂટ ઓફ કાર્ડિયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટરના નિયામક, હેડ અને પ્રાધ્યાપક સીવીટીએસના ડો.ચિરાગ દોશીએ હૃદય, તેની કામગીરી અને તેની સંરચના વિશે ટુંકમાં માહિતી આપતા જણાવ્યું કે, કોઈપણ વ્યક્તિમાં સડન ડેથના ઘણા કારણો હોઈ શકે છે. "દરેક સડન ડેથ એ કાર્ડિયાક ડેથ હોતી નથી. જૂજ કિસ્સાઓમાં સડન ડેથનું કારણ હાર્ટ એટેક હોય છે." કાર્ડિયાક એરીધમિયા, મહાધમની વિચ્છેદન, મગજનો હુમલો, ફેફસાની નળીમાં ગાંઠ હોવી જેવા કારણો પણ વ્યક્તિની સડન ડેથ માટે જવાબદાર બનતા હોય છે.વ્યક્તિએ ચક્કર આવવા, શ્વાસોશ્વાસમાં મુશ્કેલી, ગભરામણ, છાતીમાં હળવો દુખાવો, ભાર લાગવો, શરીરના ડાબા ભાગમાં દુખાવો, પરસેવો, ઉબકા, ઉલટી જેવા લક્ષણોને હળવાશથી ન લેતા તાત્કાલિક અસરથી તેના નિદાન માટે તપાસ કરાવવી જોઈએ. જેથી કરીને સમયસર નિદાન અને સારવાર દ્વારા હૃદય રોગના હુમલાની સંભાવનાઓ નિવારી શકાય. હૃદય રોગના હુમલા માટે ફેમિલી હિસ્ટ્રી, વધતી ઉંમર, જીવનશૈલી, તણાવ, ખાનપાન, ડાયાબિટીસ, કોલેસ્ટ્રોલ લેવલ, સ્મોકિંગ, તમાકુનું સેવન, ઓબેસિટી, જંક ફૂડ, સેડેન્ટરી લાઈફ, બિન કાર્યક્ષમજીવન શૈલી જેવા અનેક કારણો જવાબદાર છે એમ તેમણે જણાવ્યું હતું. મેરેંગો સીમ્સ હોસ્પિટલ અમદાવાદનાં સિનિયર કન્સલ્ટન્ટ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડો. મિલન ચગે કહ્યું કે, નાની ઉંમરના ૧૫ થી ૨૦ વર્ષના બાળકોના કિસ્સામાં આવતા એટેક એ હાર્ટ એટેક નથી હોતા, પણ સામાન્ય કિસ્સામાં કાર્ડિયાક એરેસ્ટ હોય છે. અચાનક હાર્ટ એટેક આવવો અને હાર્ટ બંધ થઈ જવું તેવું માત્ર ત્રણથી ચાર ટકા કિસ્સામાં જ જોવા મળતું હોય છે.તેમણે વધુમાં કહ્યું કે, આજે સમાજમાં કોરોના થયા બાદ હાર્ટ એટેકના કિસ્સા વધી રહ્યા છે તેવી ભ્રમણા ફેલાવવામાં આવી રહી છે તે સામાન્ય રીતે ખોટી છે. કોરોનાકાળ પહેલાના હાર્ટ એટેકના કેસો અને કોરોના બાદના હાર્ટ એટેકના કેસોમાં કોઈ મોટો ફરક આવ્યો નથી. એટલુ જ નહી, વેક્સિનના કારણે હૃદયની બીમારીઓ વધી ગઈ છે તેવી ભ્રમણા પણ ફેલાવવામાં આવી રહી છે, જે તદ્દન ખોટી છે. અમે નાગરિકોને અપીલ કરીએ છીએ કે આવી ભ્રમણાથી દૂર રહેવું અને કોઈ પણ પ્રકારની ચિંતા કરવી નહીં. ડોક્ટર ચગે વધુમાં કહ્યું કે, જો આપણે તણાવમુક્ત જીવન જીવીશું, વ્યસનથી દૂર રહીશું, સાત્વિક ભોજન લઈશું, દરરોજ નિયમિત ૪૫ થી ૬૦ મિનિટ ચાલવાનું રાખીશું અને જંકફુડ ખાવાનું ટાળીશું તો આપણે ઘણી બધી બીમારીઓને શરીરમાં આવતા અટકાવી શકીશું. ઝાયડસ હોસ્પિટલ અમદાવાદનાં સિનિયર કન્સલ્ટન્ટ અને ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ ડૉ. ભાવેશ રોયે કહ્યું કે, અમદાવાદના હૃદયરોગના હુમલા થી થતા મૃત્યુમાં ૧૦ ટકા જેટલા સડન ડેથના કિસ્સાઓ છેલ્લા કેટલાક વર્ષોમાં જોવા મળ્યા છે. ૭ થી ૮ ટકા ડેથ નળીઓના બ્લોકેજના કારણે થાય છે. માત્ર બે થી ત્રણ ટકા મૃત્યુ નાની ઉંમરમાં કાર્ડિયાક એરેસ્ટના કારણે થતા હોય છે, આમાં પણ મોટાભાગના કિસ્સામાં હૃદય ધ્રુજી જવું તેમજ હૃદયના ધબકારા અનિયમિત થવાને કારણે થાય છે. આ બધા જ કિસ્સામાં જો ઝઁઈ તાત્કાલિક આપવામાં આવે તો તો દર્દીનું જીવન બચાવી શકાય છે. તેમણે વધુમાં કહ્યું કે, આજે યુવાનોમાં હાર્ટ એટેકનો ડર વધ્યો છે ત્યારે યુવાઓએ હાર્ટ એટેકથી ડરવાનું નથી, પણ જરૂરી સાવચેતીના પગલાં લેવા જોઈએ. આજે લાઈફ સ્ટાઈલમાં સૌથી મોટો બદલાવ આવી રહ્યો છે જેના કારણે પણ હાર્ટ એટેકના કિસ્સા વધુ જોવા મળી રહ્યા છે. આજે ૪૦ ટકા લોકો ફિઝિકલી ઈનએક્ટિવ છે અને ૨૦ ટકા માઈનર એક્ટિવ છે. આ સાથે ઓબેસિટી અને સ્મોકિંગના કારણે પણ હાર્ટ એટેકના કેસો વધી રહ્યા છે. સ્મોકિંગના કારણે નળીમાં ક્લોગ થાય છે, જેના કારણે પણ એટેક આવતો હોય છે. મીડિયાના માધ્યમથી વાત કરતાં સ્ટર્લિંગ હોસ્પિટલના કન્સલ્ટન્ટ સિનિયર ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજિસ્ટ ડૉ. રસેશ પોથીવાલાએ જણાવ્યું કે, હૃદય રોગની જાણકારી માટે સ્ક્રિનિંગ ખૂબ જ અગત્યની બાબત છે. સ્ક્રિનિંગ દ્વારા વ્યક્તિને હૃદય રોગના ચિન્હો અને લક્ષણોને ઓળખવામાં મદદ મળે છે. વ્યક્તિને પોતાના શરીરમાં હૃદયને લગતા કોઈપણ અસામાન્ય લક્ષણો દેખાય તો તેણે હૃદય રોગની સંભાવનાઓને ધ્યાનમાં રાખીને પોતાનું સ્ક્રિનિંગ સત્વરે કરાવવું જોઈએ. યોગ્ય સ્કીનિંગ દ્વારા યોગ્ય સમયે ડાયગ્નોસીસ થતા યોગ્ય સારવાર મળી રહે છે અને હૃદય રોગનો ખતરો નિવારી શકાય છે. એક વખત ઈ.સી.જી. કરાવ્યા બાદ અડધા કલાકના અંતરે ફરી વખત સીરીયલ ઈ.સી.જી. કરાવીને સચોટ નિદાન કરાવવાની પણ સલાહ તેમણે આપી હતી. આ તકે શહેરના નિષ્ણાત કાર્ડિયોલોજિસ્ટ દ્વારા શહેરની અલગ અલગ હોસ્પિટલના કોવીડ મહામારી એટલે કે વર્ષ ૨૦૨૦ અને કોવિડ મહામારી બાદના વર્ષ ૨૦૨૩ સુધીના હૃદયરોગના દર્દીઓના વિગતવાર આંકડા રજૂ કરવામાં આવ્યા હતા.

જેમાં યુ.એન.મહેતા હોસ્પિટલમાં કોરોના પહેલા વર્ષ ૨૦૧૮-૧૯ માં કુલ હૃદયરોગના દર્દીઓમાં હાર્ટ એટેકના દર્દીઓની સંખ્યા ૮ થી ૧૧ ટકા જેટલી હતી, જે કોરોના બાદના વર્ષ ૨૦૨૩ સુધીના આંકડામાં પ્રમાણે સરેરાશ ૧૨% જેટલી જોવા મળી છે.

## ન્યૂઝ બ્રિફ

### જીમેલ આઈડીથી પણ વોટ્સએપ એકાઉન્ટ લોગઈન કરી શકાશે

| પાવાગઢ, તા.૦૪ |

ઈઓએસ માટે એક નવા ફીચર પર કામ કરી રહ્યુ છે જેની મદદથી તમે જીમેલ આઈડીથી પોતાના એકાઉન્ટને લોગિન કરી શકશો. વર્તમાનમાં વ્હોટ્સએપ એકાઉન્ટને સ્માર્ટફોન પર ઓપન કરવા માટે મોબાઈલ નંબરની જરૂર હોય છે પરંતુ ટૂંક સમયમાં મેલ આઈડીની મદદથી પણ પોતાના વ્હોટ્સએપ એકાઉન્ટને ઓપન કરી શકશો. જોકે આ માટે જરૂરી હશે કે તમારે પહેલા પોતાની મેલ આઈડી એકાઉન્ટ સાથે વેરીફાઈ કરવાની રહેશે. મેલ આઈડીને વેરિફાઈ કરવા માટે તમારે મેલ આઈડીને નોંધીને તેની પર આવેલા ઓટીપીને સબમિટ કરવાનો રહેશે. મેલ આઈડી વેરીફાઈ થઈ ગયા બાદ તમે પોતાનું વ્હોટ્સએપ એકાઉન્ટ તેની મદદથી પણ ખોલી શકશો. હાલ આ ફીચર અમુક એન્ડ્રોયડ અને આઈઓએસ બીટા ટેસ્ટર્સ માટે જારી કરવામાં આવ્યુ છે.આ અપડેટની જાણકારી વ્હોટ્સએપના ડેવલપમેન્ટ પર નજર બનાવનારી વેબસાઈટ વેબટાઈનફોએ શેર કરી છે. વેબસાઈટ અનુસાર વ્હોટ્સએપ નવા ઈમેલ એડ્રેસ ઓપ્શન પર કામ કરી રહી છે જે યૂઝર્સને સેટિંગની અંદર મળશે. જો તમે પણ વ્હોટ્સએપના તમામ નવા ફીચર્સને પહેલા મેળવવા ઈચ્છો છો તો બીટા પ્રોગ્રામ માટે ઈનરોલ કરી શકો છો.

### બાઇક સવારને હાર્ટઅટેક આવતા હોમગાર્ડે સીપીઆર આપીને જીવ બચાવ્યો

| ખેડા, તા.૪ |

રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતના કિસ્સા ચિંતા વધારી છે. નાની વયે હાર્ટ અટેકના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોના બાદ નાની વયે આવતા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતની સિલસિલો થંભવાનું નામ લેતો નથી. રાજ્ય દરરોજ સરેરાશ એકથી ત્રણ હાર્ટ અટેકના કિસ્સા બની રહ્યાં છે. આજે મહેમદાવાદમાં બાઈક સવારને હાર્ટ અટેક આવી જતાં સીપીઆર ટ્રીકથી જિંદગી બચાવી હતી. મહેમદાવાદના આમસરણ પાસે એક બાઈક ચાલકને રોડ પર જ હાર્ટ અટેક આવ્યો હતો. આ સમયે તાત્કાલિક ખેડા જિલ્લા હોમગાર્ડ દળમાં ફરજ બજાવતા બે જવાને બાઈક ચાલકને સીપીઆર આપી તેનો જિંદગી બચાવી હતી. મહેમદાવાદ યુનિટમાં ફરજ બજાવતા હોમગાર્ડ દળના મનોજભાઈ વાઘેલા અને અબ્દુલ કાદર મલેકે સીપીઆર આપીને બાઈક ચાલકનો જીવ બચાવ્યો હતો. સીપીઆર આપ્યા બાદ બાઈક ચાલકને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. આ સમયે તાત્કાલિક ખેડા જિલ્લા હોમગાર્ડ દળમાં ફરજ બજાવતા બે જવાને બાઈક ચાલકને સીપીઆર આપી તેનો જિંદગી બચાવી હતી. મહેમદાવાદ યુનિટમાં ફરજ બજાવતા હોમગાર્ડ દળના મનોજભાઈ વાઘેલા અને અબ્દુલ કાદર મલેકે સીપીઆર આપીને બાઈક ચાલકનો જીવ બચાવ્યો હતો. સીપીઆર આપ્યા બાદ બાઈક ચાલકને વધુ સારવાર માટે નજીકની હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા.

# તલોદ અને સુરેન્દ્રનગરમાં ૨-૨ અને મોડાસામાં એક વ્યક્તિએ ગુમાવી જિંદગી

## છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા

| અમદાવાદ, તા.૪ |

રાજ્યમાં સતત વધી રહેલા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતના કિસ્સા ચિંતા વધારી છે. નાની વયે હાર્ટ અટેકના કેસ ચિંતાજનક રીતે વધી રહ્યા છે. કોરોના બાદ નાની વયે આવતા હાર્ટ અટેક અને તેનાથી થતાં મોતની સિલસિલો થંભવાનું નામ લેતો નથી. રાજ્ય દરરોજ સરેરાશ એકથી ત્રણ હાર્ટ અટેકના કિસ્સા બની રહ્યાં છે. છેલ્લા ૩૬ કલાકમાં ભાવનગર, ધોરાજી, સુરેન્દ્રનગર, અમરેલી, મોડાસા, વડોદરામાં હાર્ટ અટેકથી જીવ ગુમાવ્યાના અહેવાલ છે. અરવલ્લીના મોડાસામાં ૫૫ વર્ષીય નરેશ મહેતાનું હાર્ટ અટેકથી મોત થયું છે. તેઓ પોસ્ટ ઓફિસનું રીકરીંગ અને એલઆઈસી એજન્ટ તરીકે કામ કરતા હતા. છાતીમાં દુખાવા બાદ તેઓ અચાનક બેભાન થયા હતા અને હોસ્પિટલ પહોંચાડ્યા હતા પરંતુ ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા અને હાર્ટ અટેકથી મોત થયાનું કારણ રજૂ કર્યું હતું તો બીજી તરફ સુરેન્દ્રનગરમાં છેલ્લા ૩૬ કલાકમાં હાર્ટ અટેકના કારણે ૨ લોકોએ જીવ ગુમાવ્યો હતો. સુરેન્દ્રનગરના લખતર તાલુકમાં હાર્ટ એટેકથી છેલ્લા ૩૬ કલાકમાં બીજા યુવકનુ મોત નિપજ્યું છે. લખતરના લીલાપુર ગામે રહેતા ૪૩ વર્ષના યુવક આલાભાઈ સભાડનુ હાર્ટએટેકથી મોત નિપજ્યું છે. યુવકના મોતથી પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. સુરેન્દ્રનગરના લખતર શહેરના મફતિયાપરા વિસ્તારમાં રહેતા ૩૨ વર્ષના યુવક સુરેશભાઈ ઘુઘલિયાનું પણ ગઈ કાલે હાર્ટએટેકથી મોડી રાત્રે મોત થયું હતું. તેમને અચાનક રાત્રે છાતીમાં દુખાવો થતાં સારવાર અર્થે લખતર હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા હતા જો કે દુર્ભાગ્યવશ તેની જિંદગી ન બચાવી શકાય અને ડોક્ટરએ યુવકને મૃત જાહેર કર્યો.નાની ઉમરે યુવકનુ હાર્ટએટેકથી મોત નીપજતાં પત્ની, ત્રણ સંતાનો સહિત પરિવારજનોમાં શોકની લાગણી ફેલાઈ છે. સાબરકાંઠાના તલોદમાં પણ હાર્ટ અટેકે ૨ લોકોના જીવ લીધા તો ભાવનગરના અલંગ




શિપ બ્રેકીંગ યાર્ડમાં કામ કરતા શ્રમિકનું હાર્ટ એટેકથી મોત થયું છે. અલંગ શિપ યાર્ડના પ્લોટ ૧૨૮માં કામ કરી રહેલા બિહારી યુવાનને હાર્ટ અટેક આવતા તેઓ ઢળી પડયા હતા. તબીબે હાર્ટ અટેકથી મોત થયાનું તારણ આપ્યું હતું. બિહારથી મજૂરી કામ માટે ભાવનગર આવેલા આ યુવક સંજયસિંહ રામનિવાસસિંહ ભાવનગર શિપ બ્રેકિંગ યાર્ડમાં શિપ તો-ડવાનું કામ કરતા હતા. તેઓ જ્યારે યાર્ડમાં આ કામ કરતા હતા ત્યારે અચાનક ઢળી પડ્યાં અને મોતને ભેટયા હતા. ઘટના બાદ તાબડતોબ તેમને હોસ્પિટલ પહોંચાડવામાં આવ્યા હતા. અહીં ડોક્ટરે તેમને મૃત જાહેર કર્યા હતા. બાદ તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમા હાર્ટ અટેકથી મોત થયાનું તારણ સામે આવ્યું છે.

**ઉમરેઠમાં આવેલી શ્રીજી હોસ્પિટલની ઘટના | સારવાર દરમિયાન બાળકનું મોત થતાં પરિવારજનોએ ડોક્ટર પર બેદરકારીનો આરોપ લગાવ્યો રહ્યા છે**

# છ માસના બાળકનું મોત થતા પરિવારજનોએ હોબાળો કર્યો

| આણંદ, તા.૪ |

આણંદના ઉમરેઠની ખાનગી હોસ્પિટલમાં દર્દીના પરિવારજનોનો હોબાળો સામે આવ્યો છે. ઉમરેઠની શ્રીજી હોસ્પિટલ વારંવાર વિવાદોમાં આવી હોવાની ચર્ચા ચાલી રહી છે. ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામના ૬ માસના બાળકને ન્યુમોનિયા થતા દાખલ કરવામાં આવ્યો હતો. ગત રાત્રીએ છ માસના બાળકનું મૃત્યુ થતાં પરિવારજનોનો ડોક્ટર પર બેદરકારીનો આક્ષેપ છે. ધુળેટા ગામના બાળકના પરિવારજનો સાથે ટોળાએ



હોસ્પિટલમાં હોબાળો કર્યો હતો. જોકે આ બાદ ઉમરેઠના પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. ઉમરેઠ પોલીસે ટોળાને સમજાવી બબાલ પર અંકુશ મેળવ્યો હતો. મૃતક બાળકના પરિવારજનોએ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ડોક્ટર વિરુદ્ધ અરજી પણ આપી. મૃત બાળકના પરિવારજનોની પેનલ ડોક્ટર દ્વારા પીએમની માગ કરવામાં આવી હતી. આણંદના ઉમરેઠની ખાનગી હોસ્પિટલમાં દર્દીના પરિવારજનોનો હોબાળો સામે આવ્યો છે. ઉમરેઠની શ્રીજી હોસ્પિટલ વારંવાર વિવાદોમાં આવી હોવાની ચર્ચા ચાલી રહી છે. ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામના ૬ માસના બાળકને ન્યુમોનિયા થતા દાખલ કરવામાં આવ્યો હતો. ગત રાત્રીએ છ માસના બાળકનું મૃત્યુ થતાં પરિવારજનોનો ડોક્ટર પર બેદરકારીનો આક્ષેપ છે. ધુળેટા ગામના બાળકના પરિવારજનો સાથે ટોળાએ હોસ્પિટલમાં હોબાળો કર્યો હતો. જોકે આ બાદ ઉમરેઠના પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. ઉમરેઠ તાલુકાના ધુળેટા ગામના ૬ માસના બાળકને ન્યુમોનિયા થતા દાખલ કરવામાં આવ્યો હતો. ગત રાત્રીએ છ માસના બાળકનું મૃત્યુ થતાં પરિવારજનોનો ડોક્ટર પર બેદરકારીનો આક્ષેપ છે. ધુળેટા ગામના બાળકના પરિવારજનો સાથે ટોળાએ હોસ્પિટલમાં હોબાળો કર્યો હતો. જોકે આ બાદ ઉમરેઠના પોલીસનો કાફલો હોસ્પિટલ પહોંચ્યો હતો. ઉમરેઠ પોલીસે ટોળાને સમજાવી બબાલ પર અંકુશ મેળવ્યો હતો. મૃતક બાળકના પરિવારજનોએ ઉમરેઠ પોલીસ સ્ટેશનમાં ડોક્ટર વિરુદ્ધ અરજી પણ આપી. મૃત બાળકના પરિવારજનોની પેનલ ડોક્ટર દ્વારા પીએમની માગ કરવામાં આવી હતી.

# લગ્નેતર સંબંધની શંકામાં પતિએ પત્ની કરી નાંખી હત્યા

## પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, જીજ્ઞેશ ગોસ્વામી અને મૃતક યુવતીના એક વર્ષ અગાઉ લગ્ન થયા હતાં

| અમદાવાદ, તા.૪ |

શહેરના અસલાલી પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલા હત્યાના ગુનાનો ભેદ ઉકેલીને પોલીસે બે આરોપીઓની ધરપકડ કરી છે. આરોપીઓની પૂછપરછ કરતા સામે આવ્યું છે કે, પત્નીના ચારિત્ર્ય પર શંકા રાખીને પતિએ તેના મિત્ર સાથે મળીને પત્ની હત્યા કરી દીધી. ત્યારબાદ મૃતદેહ અવાવરૂ જગ્યાએ ફેંકી દઈને ફરાર થઈ ગયા હતા. જોકે, પોલીસે સીસીટીવી ફુટેજના આધારે આરોપીઓની ધરપકડ કરી છે. શહેરના રીંગરોડ પર ગુરુનાનક ક્રેન સર્વિસના ગોડાઉન નજીક યુવતીની હત્યા કરેલી હાલતમાં મૃતદેહ મળ્યો હતો. પોલીસ તપાસ દરમિયાન સામે આવ્યું હતું કે, યુવતી નારોલની રહેવાસી છે. જે નોકરીએ ગયા બાદ ઘરે પરત ફરી ના હતી. જે અંગે નારોલ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. જોકે પોલીસએ સીસીટીવી ફુટેજની તપાસ કરતા સામે આવ્યું હતું કે, યુવતી નોકરીથી ઘરે પરત ફરતા તેના પતિ સાથે વાતચીત કરી હતી. જેના આધારે પોલીસએ યુવતીના પતિની શોધખોળ કરી તેની પૂછપરછ કરી હતી. જેમાં સમગ્ર ગુનાનો ભેદ ઉકેલાયો છે. અને પોલીસએ જીજ્ઞેશગીરી ઉર્ફે જીગો ગોસ્વામી અને યોગેશ શીલ નામના બે આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે, જીજ્ઞેશ ગોસ્વામી અને મૃતક યુવતીના એક વર્ષ અગાઉ લગ્ન થયા હતાં. પરંતુ શંકાશીલ માનસિકતાના કારણે જીજ્ઞેશે તેની પત્નીની હત્યા કરી છે. જીજ્ઞેશને આશંકા હતી કે, તેની પત્નીને લગ્ન પહેલા અને લગ્ન પછી પણ અન્ય યુવક સાથે સંબંધ હતો. જેથી ૬ મહિના પહેલા બંન્ને પતિ પત્ની વચ્ચે આ બાબતે ઝઘડો થયો હતો. અને આરોપીએ યુવતીને માર મારતા તે રિસાઈને તેના પિયર નારોલ આવી ગઈ હતી. ૩૦મી ઓક્ટોમ્બરના દિવસે યુવતી સાંઈ હોસ્પિટલથી રાત્રે ૮ વાગ્યે ઘરે જવા નીકળી હતી. ત્યારે આરોપી પતિ અને તેનો મિત્ર યોગેશ રીક્ષા લઈને આવ્યા હતાં. યુવતીને રીક્ષામાં બેસાડીને સનાથલ રીંગ રોડ પર લઈ જઈને તેની સાથે ઝઘડો કરીને ગળું દબાવી તેની હત્યા કરી દીધી હતી. બાદમાં તેના શરીરે છરીના ઘા ઝીંકીને મૃતદેહ અવાવરૂ જગ્યાએ ફેંકીને તેઓ ફરાર થઈ ગયા હતાં. જો કે પોલીસએ હત્યાનો ભેદ ઉકેલી કાઢ્યો છે. શંકાશીલ માનસિકતાના કારણે આરોપીએ એક વર્ષના લગ્નજીવનનું અંત લાવ્યો અને જેલના સળિયા પાછળ ધકેલાયો છે. અસલાલી પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરીને હત્યામાં ઉપયોગમાં લીધેલી રીક્ષા જપ્ત કરી છે. આ હત્યા કેસમાં અન્ય આરોપીની સંડોવણી છે કે નહીં તે મુદ્દે પૂછપરછ શરૂ કરી છે. શંકાશીલ માનસિકતાના કારણે આરોપીએ એક વર્ષના લગ્નજીવનનું અંત લાવ્યો અને જેલના સળિયા પાછળ ધકેલાયો છે. અસલાલી પોલીસે બન્ને આરોપીની ધરપકડ કરીને હત્યામાં ઉપયોગમાં લીધેલી રીક્ષા જપ્ત કરી છે. આ હત્યા કેસમાં અન્ય આરોપીની સંડોવણી છે કે નહીં તે મુદ્દે પૂછપરછ શરૂ કરી છે.

**આ અંગેનો નાગરિકોએ વીડિયો બનાવ્યો હતો**

# સુરતમાં વિદ્યાર્થીઓ કરી રહ્યા છે પંચર સોલ્યુશન ટ્યુબનો ખતરનાક નશો

| સુરત, તા.૪ |

શહેરમાંથી ફરી માતાપિતા માટે લાલબત્તી સમાન કિસ્સો સામે આવ્યો છે. શહેરમાં ૧૧-૧૨ વર્ષના વિદ્યાર્થીઓ ટાયર સોલ્યુશન ટ્યુબનો નશો કરતા હોય તેવો કિસ્સો સામે આવ્યો છે. પાંડેસરાના જાગૃત નાગરિકોએ શંકાસ્પદ વિદ્યાર્થીઓની બેગ તપાસતા આ ચોંકાવનારી બાબત સામે આવી છે. આ અંગેનો નાગરિકોએ વીડિયો બનાવ્યો હતો. માનવામાં આવે છે કે, સોલ્યુશન ટ્યુબના નશાથી દારૂ કરતા પણ વધારે નુકસાન થાય છે. આ અંગે સ્થાનિકોએ મીડિયા સાથે કરેલી વાતચીતમાં જણાવ્યુ છે કે, થોડા દિવસથી અમે કેટલાક વિદ્યાર્થીઓને ટ્યુબ સાથે જોતા હતા. આ બાળકો પાસે જો કોઈ હથિયાર હોય અને અમને મારી દે જેના કારણે અમે તેમને કાંઈ કહેતા ન હતા. પરંતુ અમે સોસાયટીના લોકો સાથે હતા ત્યારે તેમને પકડી પાડ્યા છે. શહેરની પાંડેસરા વિસ્તારની જલારામ સોસાયટીના સ્થાનિક રહેવાસીઓને શંકા ગઈ હતી કે, અમુક બાળકો સોલ્યુશન ટ્યૂબનો નશો કરતા હોઈ શકે છે. આ બાળકો જ્યારે જઈ રહ્યા હતા ત્યારે સ્થાનિકોએ તેમની બેગ ચેક કરી હતી. આ બાળકોની બેગમાંથી સોલ્યુશન ટ્યુબ, નળીઓ અને પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. સ્થાનિકોના દાવા પ્રમાણે આ વિદ્યાર્થીઓ સિગરેટ અને હુક્કાની જેમ આનો નશો કરતા હતા. માનવામાં આવે છે કે, આ ટ્યુબ સોલ્યુશનનો નશો દારૂના નશા કરતા પણ વધારે નુકસાન કરે છે અને તેનો નશો પણ ઘણો જ ચડતો હોય છે. આ સોલ્યુશન ટ્યુબ કોઈપણ દુકાનોમાંથી સરળતાથી મળી જતી હોય છે. જેના કારણે વિદ્યાર્થીઓ લઈ જાય તો તેમને પૂછવાવાળું કોઈ હોતુ નથી.



આ બાળકો પાસે જો કોઈ હથિયાર હોય અને અમને મારી દે જેના કારણે અમે તેમને કાંઈ કહેતા ન હતા. પરંતુ અમે સોસાયટીના લોકો સાથે હતા ત્યારે તેમને પકડી પાડ્યા છે. શહેરની પાંડેસરા વિસ્તારની જલારામ સોસાયટીના સ્થાનિક રહેવાસીઓને શંકા ગઈ હતી કે, અમુક બાળકો સોલ્યુશન ટ્યૂબનો નશો કરતા હોઈ શકે છે. આ બાળકો જ્યારે જઈ રહ્યા હતા ત્યારે સ્થાનિકોએ તેમની બેગ ચેક કરી હતી. આ બાળકોની બેગમાંથી સોલ્યુશન ટ્યુબ, નળીઓ અને પ્લાસ્ટિકની થેલીઓ મળી આવી હતી. સ્થાનિકોના દાવા પ્રમાણે આ વિદ્યાર્થીઓ સિગરેટ અને હુક્કાની જેમ આનો નશો કરતા હતા. માનવામાં આવે છે કે, આ ટ્યુબ સોલ્યુશનનો નશો દારૂના નશા કરતા પણ વધારે નુકસાન કરે છે અને તેનો નશો પણ ઘણો જ ચડતો હોય છે. આ સોલ્યુશન ટ્યુબ કોઈપણ દુકાનોમાંથી સરળતાથી મળી જતી હોય છે. જેના કારણે વિદ્યાર્થીઓ લઈ જાય તો તેમને પૂછવાવાળું કોઈ હોતુ નથી.

### રાજકોટના દારુ પીધેલા રીક્ષા ચાલકે અકસ્માત સર્જ્યો

| રાજકોટ, તા.૪ |

રાજકોટના દારુ પીધેલા રીક્ષા ચાલકે અકસ્માત સર્જ્યો હતો. દારુના નશામાં પૂરપાટ રીક્ષા ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં રીક્ષાચાલકે બે વાહનોને અડફેટે લીધા હતા. તેમજ અકસ્માત બાદ સ્થાનિકોએ ઝડપી લેતા રીક્ષાચાલકે દારૂ પીધો હોવાનું કબુલ્યુ હતુ.ત્યારબાદ તાત્કાલિક ધોરણે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી.રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના સામે આવતી હોય છે. તો રાજકોટમાં પણ વધુ એક અકસ્માતની ઘટના સામે આવી છે. રાજકોટના દારુ પીધેલા રીક્ષા ચાલકે અકસ્માત સર્જ્યો હતો. દારુના નશામાં પૂરપાટ રીક્ષા ચાલકે અકસ્માત સર્જ્યો હતો. અકસ્માતમાં રીક્ષાચાલકે બે વાહનોને અડફેટે લીધા હતા. તેમજ અકસ્માત બાદ સ્થાનિકોએ ઝડપી લેતા રીક્ષાચાલકે દારૂ પીધો હોવાનું કબુલ્યુ હતુ. ત્યારબાદ તાત્કાલિક ધોરણે સ્થાનિકોએ પોલીસને જાણ કરી હતી.

**ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા અકસ્માત થયો**

# વલસાડથી બીલીમોરા જતી ST બસનો અકસ્માત સર્જાયો

| વલસાડ, તા.૪ |

વલસાડ ST ડેપોથી મુસાફરો ભરીને બીલીમોરા જતી ST બસના અકસ્માતની ઘટના સામે આવી છે. બસના ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડ નીચે ઉતરી હતી. જોકે મુસાફરોનું કહેવું છે કે બસ ચાલક દારુના નશામાં હતો જેના કારણે આ ઘટના ઘટી હોવાનું સ્થાનીકોમાં ચર્ચાઈ રહ્યું છે. ૫૦ થી ૫૫ મુસાફરો ભરીને જતી બસ રોડની બાજુમાં આવેલું વરસાદી પાણી નિકાલની ગટરમાં ઉતરી ગઈ હતી. વલસાડના છરવાડા ગામના જવાહર ફળિયા પાસે મીની ST બસનો અકસ્માત સર્જાયો છે. વલસાડ ST ડેપોથી મુસાફરો ભરીને બીલીમોરા આ ST બસ જઈ રહી હતી જે દરમ્યાન આ દુર્ઘટના સર્જાઈ છે. બસના ચાલકે સ્ટેરિંગ પરથી કાબુ ગુમાવતા બસ રોડ નીચે ઉતરી હતી અને આ અકસ્માત સર્જાયો હતો.બસ ચાલક દારુના નશામાં હોવાની સ્થાનીકોમાં ચર્ચા ચાલી રહી છે. પરંતુ આ અંગે હજુ કોઈ માહિતી સામે નથી આવી. મુસાફરોને નાની મોટી ઈજાઓ થતા ૧૦૮ દ્વારા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. બસ ચાલક આશીષ એચ. કોકણી દારૂના નશામાં હોવાનો મુસાફરોના આક્ષેપ છે. નશાની હાલતમાં આ બસ હંકારતા આ ઘટના ઘટી હોવાની વાત મુસાફરો કરી રહ્યા છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
દૈનિક સમાચાર પત્ર
CNN Channel Nine Network GUJARAT
ઉપાડો ફોન
9800708900
આ નંબર પર માત્ર વોટ્સએપ મેસેજ જ કરવો
આપની આસપાસ બનતી ઘટનાઓના ફોટાઓ વિડીયો મોકલી આપો
દરેક જાતના પ્રસંગ, ઉમંગ, શાળાઓ, કોલેજોથી લઈને સોસાયટીઓ સુધી અવસરથી લઈને તહેવારો સુધી બધા જ સમાચારોને આવરી લેતુ અખબાર "ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત" દૈનિક હંમેશા તૈયાર રહે છે, આપની આસપાસ બનતી રસપ્રદ ઘટનાઓની માહિતી વોટ્સએપ નંબર ઉપર અથવા ઈ-મેઈલ પર અમને લખીને મોકલો...
cnngujarat@gmail.com

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨